સુવિચાર

જીવનમાં ભૂલ થાય એ ખોટું નથી પણ એ ભૂલમાંથી કઈ જ શીખાય નહીં એ ખોટું છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર


MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



થોરાળા પોલીસ મથક સામે મોડી રાત્રીના નંબર વગરની કાળા કાચવાળી કારમાં ભેદી પ્રવૃતિ...? P-4

Year-16, Issue-98 ■ DATE : 31-07-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



# ટ્રમ્પ ટેરિફની ભારતીય બજાર પર કોઇ અસર નહીં

## પ્રારંભે સેન્સેક્સમાં ૬૦૦થી વધુ પોઇન્ટના ઘટાડા બાદ રિકવરી

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ભારત અને અમેરિકા વચ્ચે ગુંચવાયેલા ટ્રેડડીલના કોકડામાં કોઈ પરિણામ ન આવતા ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફ તથા પેનલ્ટીનું એલાન કરી દેતા શેરબજાર તથા કરન્સી માર્કેટમાં ગાબડા પડયા હતા. સેન્સેકસ ૬૦૦ પોઈન્ટ તૂટયો હતો. ડોલર સામે રૂપિયો વધુ ૨૦ પૈસા નબળો પડયો હતો. બાદમાં રિકવરી થતા ટ્રમ્પના એલાનની કોઇ અસર જોવા મળી નથી.

અમેરિકાએ ભારતીય નિકાસ પર આવતીકાલથી જ ૨૫ ટકાની ટેરિફ ઉપરાંત પેનલ્ટી લાગુ કરવાનુ એલાન કર્યુ છે. અમેરિકાના આ કદમની અસરે જવેલરીથી માંડીને ઈજનેરી સહિતના ક્ષેત્રોની ભારતીય નિકાસને મોટો ફટકો પડવાની આશંકાથી માનસ નબળુ પડી ગયુ છે.

શેરબજારની શરૂઆત જ ગેપડાઉન હતી અને વેચવાલીના આક્રમક દબાણ હેઠળ સતત નીચે સરકતુ રહ્યુ હતું. વિદેશી નાણાં સંસ્થાઓની સતત વેચવાલીનો પણ ખચકાટ હતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ટેરિફ બોંબથી કયા ક્ષેત્રો અને કેટલી નિકાસ પ્રભાવિત થઈ શકે છે તે વિશે ચિત્ર સ્પષ્ટ થયા બાદ ટ્રેન્ડ નકકી થશે.

શેરબજારમાં આજે ૧૯૧૮ શેરો ટ્રેડઝોનમાં હતા અને ૬૧૩ મજબૂત હતા તેના આધારે મંદીના માહોલનો અંદાજ આવી જતો હતો. હિન્દ કોપર, આરતી ઈન્ડસ્ટ્રીઝ, મહીન્દ્ર, રીલાયન્સ, વોડાફોન, યસ બેંક વગેરેમાં ઘટાડો હતો.

હિન્દ લીવર, જીયો ફાઈનાન્સ, ડિલ્હીવરી વગેરે મજબૂત હતા. મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૬૧૫ પોઈન્ટના ઘટાડાથી ૮૦૮૬૬ હતો તે ઉંચામાં ૮૧૦૫૦ તથા નીચામાં ૮૦૬૯૫ હતો. નિફટી ૧૮૫ પોઈન્ટ ગગડીને ૨૪૬૬૯ હતો તે ઉંચામાં ૨૪૭૨૮ તથા નીચામાં ૨૪૬૩૫ હતો. બીજી તરફ કરન્સી માર્કેટમાં ડોલર સામે ભારતીય રૂપિયો ૨૦ પૈસા ઘટીને ૮૭.૬૪ હતો.

સેન્સેક્સના ૩૦ શેરમાંથી ૨૮ શેરમાં ઘટાડો અને ૮ શેરમાં તેજી જોવા મળી રહી છે. ટાટા મોટર્સ, રિલાયન્સ, મહિન્દ્રા અને એરટેલના શેરોમાં ૧%થી વધુ ઘટાડો જોવા મળ્યો છે. ઝોમેટો, ટાટા સ્ટીલ અને એચયુએલના શેરમાં વધારો થયો છે.

નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૪ શેરમાં ઘટાડો અને ૧૬ શેરમાં તેજી જોવા મળી રહી છે. NSEના રિયલ્ટી, ઓઇલ એન્ડ ગેસ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં ૧.૧૫% ઘટાડો જોવા મળ્યો છે. FMCG શેરોમાં ૧.૩૪% વધારો જોવા મળ્યો છે. સપ્તાહના ત્રીજા કારોબારી દિવસે, બુધવાર (૩૦ જુલાઈ) ના રોજ, સેન્સેક્સ ૧૪૪ પોઈન્ટ વધીને ૮૧,૪૮૨ પર બંધ થયો. નિફ્ટી પણ ૩૪ પોઈન્ટ વધીને ૨૪,૮૫૫ પર બંધ થયો.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૫ શેર વધ્યા અને ૧૫ શેર ઘટ્યા. L&T, સન ફાર્મા અને NTPCના શેર ૪.૭૨% વધ્યા. જ્યારે ટાટા મોટર્સ અને પાવર ગ્રીડના શેર ૩.૪૮% ઘટ્યા.

નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૧ શેરો વધીને બંધ થયા. NSEના FMCG, IT અને ફાર્મા ઈન્ડેક્સમાં સામાન્ય તેજી રહી. જ્યારે ઓટો, મીડિયા, બેંકિંગ અને રિયલ્ટી ઈન્ડેક્સ ૧% ઘટીને બંધ થયા.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આ ૧ ઓગસ્ટ, ૨૦૨૫થી અમલમાં આવશે. તેમણે એક પોસ્ટમાં આ માહિતી આપી હતી. હાલમાં, ભારત પર સરેરાશ યુએસ ટેરિફ માલના આધારે લગભગ ૧૦% છે.



# માલેગાંવ બ્લાસ્ટ કેસમાં સાધ્વી પ્રજ્ઞા સહિત તમામ આરોપીઓ નિર્દોષ જાહેર

**મુખ્ય સમાચાર, મુંબઇ**

મુંબઈની સ્પેશિયલ કોર્ટે ૧૭ વર્ષ જૂના માલેગાંવ બ્લાસ્ટ કેસમાં તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. આ કેસના કુલ ૭ આરોપીઓ ભાજપના પૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર, લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત, નિવૃત્ત મેજર રમેશ ઉપાધ્યાય, સુધાકર ચતુર્વેદી, અજય રાહિરકર, સુધાકર ધર દ્વિવેદી અને સમીર કુલકર્ણી છે. તમામને આરોપીઓને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (), શસ્ત્ર અધિનિયમ અને અન્ય આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.



સુનાવણી કરતી વખતે જજે જણાવ્યું હતું કે, ફરિયાદી પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે કે, બ્લાસ્ટ દરમિયાન બોમ્બ બાઈક પર ફિટ કરવામાં આવ્યો હતો. મોટરસાયકલનો ચેસિસ નંબર ભૂસાઈ ગયો છે, તેમજ એન્જિન નંબર પણ શંકા હેઠળ છે. જેથી સાધ્વી પ્રજ્ઞા તેના માલિક કે કેમ તેનો કોઈ નક્કર પુરાવો મળ્યો નથી. બીજી બાજુ બ્લાસ્ટમાં વપરાયેલા આરડીએક્સનો લેફ્ટનન્ટ કર્નલ પુરોહિતના ઘરમાં સંગ્રહ કરવામાં આવ્યો હોવાના પણ કોઈ પુરાવા મળ્યા નથી.

ઉલ્લેખનીય છે કે ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ માલેગાંવમાં બોમ્બ બ્લાસ્ટ થયા હતા, જેમાં ૬ લોકોના મોત અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. મહારાષ્ટ્ર પોલીસના એટીએસ (એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ)એ શરૂઆતમાં આ કેસની તપાસ કરી હતી, ત્યારબાદ તે (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી)ને સોંપવામાં આવ્યો હતો. આ કેસમાં ચાલી રહેલી લાંબી કાનૂની પ્રક્રિયા અને આરોપોને કારણે આ ચુકાદો અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

આ બ્લાસ્ટ રમઝાનના મહિનામાં અને નવરાત્રિ પહેલાં જ થયો હતો. આ કેસની સુનાવણી સ્પેશિયલ જજ એ.કે. લાહોટી દ્વારા થઈ રહી હતી. સાધ્વી પ્રજ્ઞાની ઓક્ટોબર, ૨૦૦૮માં ધરપકડ કરવામાં આવી હતી. બ્લાસ્ટ દરમિયાન ઉપયોગમાં લેવાયેલી મોટરસાઈકલ સાધ્વી પ્રજ્ઞાના નામે રજિસ્ટર્ડ હોવાથી તેમની ધરપકડ થઈ હતી.

મહારાષ્ટ્રની આતંકવાદ વિરોધી સ્કવોડએ દાવો કર્યો હતો કે, મુસ્લિમની વસ્તી ધરાવતા વિસ્તારને નિશાન બનાવી બ્લાસ્ટ કરવાના ષડયંત્રમમાં સાધ્વી પ્રજ્ઞા સામેલ હતાં. આ સિવાય લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત કે જે તે સમયે સેનાની મિલિટ્રી ઈન્ટેલિજન્સ વિંગમાં સેવા આપી રહ્યા હતાં. તેમના પર અભિનવ ભારત નામના કટ્ટરપંથી હિન્દુ સંગઠનને મદદ કરવાનો આરોપ મૂકાયો હતો. તેમની આ હુમલામાં ઉપયોગમાં લેવાયેલા વિસ્ફોટકોની વ્યવસ્થા કરી આપી હોવાના આરોપસર ધરપકડ થઈ હતી..

# રાજકોટમાં ૩૦ લાખથી વધુ કિંમતના મિલ્કત દસ્તાવેજો ફંફોળતુ આવકવેરા વિભાગ

## રાજકોટમાં નાનામવા - મોટામવા - વાજડીના દસ્તાવેજ પ્રક્રિયા કરતી ઝોન - પાંચ સબ રજીસ્ટ્રાર કચેરીમાં આઇટીની તપાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં કદાચ પ્રથમ વખત ઈન્કમટેકસ દ્વારા કરોડો-અબજો રૂપિયાના મિલ્કત દસ્તાવેજોની નોંધણી કરતી સબ રજીસ્ટ્રાર કચેરીમાં સર્વે હાથ ધર્યો હતો. રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૫ માં સળંગ ૧૨ કલાક સુધી તપાસ કરીને છેલ્લા પાંચ વર્ષોના મિલ્કત દસ્તાવેજોનો ડેટા કબ્જે લેવામાં આવ્યો હતો. ટેકસચોરીની શંકાના આધારે થયેલી આ કાર્યવાહી બાદ હવે બિલ્ડરો પર તવાઈ ઉતરવાના ભણકારા છે.

રાજકોટમાં મિલ્કત દસ્તાવેજોની નોંધણી કરતી સબ રજીસ્ટ્રારની ડીસ્પેચ કોલેજ સ્થિત ઝોન-૫ ની કચેરી પર ઈન્કમટેકસની ટીમ ત્રાટકી હતી. બપોરથી શરૂ થયેલી તપાસ મધરાત સુધી ચાલુ રહી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે આવકવેરા



અધિકારીઓની ટીમ દ્વારા ૨૦૨૦-૨૧થી પાંચ વર્ષના ૩૦ લાખથી વધુની કિંમતના મિલ્કત દસ્તાવેજો ફંફોળવામાં આવ્યા હતા.

આ તમામ દસ્તાવેજોને ડેટા જમ કરીને સાથે લઈ ગયા હતા. ડેટા એન્ટ્રીની વિગતો પણ ચકાસવામાં આવી છે અને કેટલીક વિસંગતતા વિશે પુછ્તાછ કરવામાં આવી હતી. મિલ્કત દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા વિશે અધિકારીઓને મહત્વની તાકીદ કરવામાં આવી હતી. સરકારે મિલ્કત વ્યવહારમાં બેનંબરી નાણાંની બોલબાલા તથા ટેકસચોરી અટકાવવા માટે ઘડેલા નિયમ હેઠળ ૩૦ લાખથી વધુની મિલ્કતોના દસ્તાવેજોની વિગતો સબ રજીસ્ટ્રારે આવકવેરા વિભાગને આપવાનુ ફરજીયાત છે.

દર ૩-૬ મહિને આ પ્રકારની વિગતો આપવી પડે છે. રાજકોટમાં કોરોનાકાળ બાદ પ્રોપર્ટી માર્કેટમાં જબરદસ્ત તેજી રહી હતી. મોટા ફલેટ-આવાસનો ટ્રેન્ડ શરૂ થયો હતો. કોરોનાથી ભયભીત થયેલા લોકો મોટા ફલેટમાં વસવાટ કરવાનુ પસંદ કરવા લાગ્યા હતા.

સૂત્રોએ કહ્યુ કે, રિયલ એસ્ટેટ ક્ષેત્રે ભલે એકાદ વર્ષથી ટાઢોડુ હોય પરંતુ તે પુર્વે જોરદાર તેજી હતી. આવકવેરા વિભાગે છેલ્લા પાંચ વર્ષના મિલ્કત દસ્તાવેજોના ડેટા એકત્રીત કર્યા હોવાનું સૂચક છે.

જાણકારોએ એમ કહ્યું કે રાજકોટની ઝોન-૫ સબ રજીસ્ટ્રાર કચેરીમાં તપાસ પણ ઘણો ગર્ભિત ઈશારો કરે છે. આ ઝોન હેઠળ નાનામવા-મોટામવા તથા વાજડી જેવા પોશ વિસ્તારો આવે છે અને ત્યાં જમીન-મકાન-ફલેટની કિંમત પણ ઘણી મોટી રહેતી હોય છે. આ વિસ્તારના મિલ્કત દસ્તાવેજોની તપાસ સૂચક છે. ચોકકસ બાતમીના આધારે જ આવકવેરા વિભાગે આ કાર્યવાહી કરી હોવાનું સ્પષ્ટ છે તેના આધારે ટેકસચોરીના ખુલાસા શકય છે અને તે સંજોગોમાં આવતા દિવસોમાં બિલ્ડરો પર તવાઈ ઉતરી શકે છે.

# હવે હેલમેટ વગરના ટુ વ્હીલર ચાલકોને પેટ્રોલ નહીં મળેઃ કાલથી મધ્યપ્રદેશમાં અમલવારી



**મુખ્ય સમાચાર, ભોપાલ**

મધ્ય પ્રદેશના ભોપાલ અને ઈન્દોરમાં માર્ગ સલામતીને લઈને જિલ્લા વહીવટીતંત્રે મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવે પહેલી ઓગસ્ટ ૨૦૨૫થી હેલ્મેટ વગરના ટુ વ્હીલર ચાલકોને શહેરના કોઈપણ પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવી શકશે નહીં.

આ બંને શહેરોના કલેક્ટરો દ્વારા આ કડક આદેશ આપવામાં આવ્યો છે. વહીવટીતંત્રનું માનવું છે કે આ નિર્ણયથી રોડ અકસ્માતો ઘટશે અને લોકો ટ્રાફિક નિયમો પ્રત્યે વધુ જાગૃત બનશે. સુપ્રીમ કોર્ટની રોડ સેફ્ટી કમિટીના ચેરમેન અને નિવૃત્ત જજ અભય મનોહર સપ્રે સાથેની બેઠક બાદ આ આદેશનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં ઈન્દોરની વર્તમાન ટ્રાફિક વ્યવસ્થા અને રોડ અકસ્માતો અંગે વિગતવાર ચર્ચા કરાઈ હતી.

ત્યારબાદ જિલ્લા વહીવટીતંત્રે આ નિર્ણય લેવાની જાહેરાત કરી હતી. કલેક્ટર આશિષ સિંહે જણાવ્યું હતું કે ટુ-વ્હીલર ચાલકોની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

પહેલી ઓગસ્ટથી આ નિયમનો કડક અમલ કરાશે. આદેશ પહેલા ૩૦મી અને ૩૧મી જુલાઈના રોજ સમગ્ર શહેરમાં જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે, જેથી લોકો સમયસર માહિતી મેળવી શકે અને નિયમોનું પાલન કરી શકે.

જો કોઈ પેટ્રોલ પંપ આ નિયમનું ઉલ્લંઘન કરતો જોવા મળશે, તો તેની સામે કડક કાર્યવાહી થશે. આ આદેશના અમલથી શહેરમાં હેલ્મેટ પહેરવાની આદત મજબૂત થશે અને માર્ગ સલામતીને પ્રોત્સાહન મળશે.

# ટ્રમ્પનો યુ ટર્નઃ ભારત સાથે વાટાઘાટ ચાલુ છે

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ભારત પર ૨૫ ટકા ટેરિફ અને વધારાના દંડની જાહેરાત કરનારા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ થોડા કલાકોમાં જ નરમ પડી ગયું. હવે તેમણે ભારત સાથે વાતચીત ચાલુ રાખવાની વાત કરી છે. બુધવારે, ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. તેમણે વોશિંગ્ટનની વેપાર ખાધ અને નવી દિલ્હીની રશિયા પાસેથી ઊર્જા ખરીદીનો ઉલ્લેખ કર્યો. જોકે, ભારતે યુએસ ટેરિફ પર કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. તેના બદલે, નવી દિલ્હીએ કહ્યું કે સરકાર રાષ્ટ્રીય હિતોના રક્ષણ માટે તમામ જરૂરી પગલાં લેશે.

ભારત દ્વારા કોઈપણ મંજૂરી આપવાનો ઇનકાર કર્યા પછી, રાષ્ટ્રપતિ ટ્રમ્પનું વલણ નરમ પડતું દેખાય છે. એક પ્રેસ કોન્ફરન્સમાં, ટ્રમ્પે ૨૫ ટકા ટેરિફ લાદવા પાછળનું કારણ બ્રિક્સ જૂથ અને નવી દિલ્હી સાથેના મોટા વેપાર ખાધનો ઉલ્લેખ કર્યો અને એમ પણ કહ્યું કે ભારત સાથે વાતચીત ચાલી રહી છે. ટ્રમ્પે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના મિત્ર કહ્યા પણ કહ્યું કે ભારત અમેરિકા સાથે વેપારના સંદર્ભમાં બહુ કંઈ કરતું નથી. તેમણે કહ્યું કે ભારત બ્રિક્સનો સભ્ય છે, જે અમેરિકન વિરોધી દેશોનો સમૂહ' છે.

ભારત સાથે ટેરિફ અંગે વાતચીતના પ્રશ્ન પર ટ્રમ્પે કહ્યું, અમે હમણાં તેમની સાથે વાત કરી રહ્યા છીએ.' ચાલો જોઈએ શું થાય છે. તેમણે આગળ કહ્યું, તેઓ (ભારત) અમને ઘણી બધી વસ્તુઓ વેચે છે, પણ અમને કંઈ મળતું નથી. કારણ કે ટેરિફ ખૂબ ઊંચો છે.

# ઈરાન પાસેથી ઓઈલ ખરીદવાની ભારતને સજાઃ ટ્રમ્પે ૬ કંપની પર પ્રતિબંધ લગાવ્યો

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાએ ઈરાનથી ઓઈલ અને પેટ્રોકેમિકલ કારોબારમાં સામેલ થવા બદલ ઓછામાં ઓછી ૬ ભારતીય કંપની પર પ્રતિબંધો લાદ્યા છે. આ કાર્યવાહી તે ૨૦ વૈશ્વિક કંપની પર કરવામાં આવેલી કાર્યવાહીનો એક ભાગ છે, જેણે ઈરાન સાથે વેપાર કરવાની દોષી ગણાવી છે.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે બુધવારે આ પ્રતિબંધોની જાહેરાત કરી હતી. મંત્રાલયનું કહેવું છે કે આ ભારતીય કંપનીઓએ ઈરાનથી ઓઈલ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનોની ખરીદી અને વેચાણમાં નોંધપાત્ર વ્યવહારો કર્યા છે, જે યુએસ પ્રતિબંધોનું ઉલ્લંઘન છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાન સાથે ઓઈલ ડીલની જાહેરાત કરી છે. આ ડીલ હેઠળ પાકિસ્તાનના ઓઈલ ભંડારનો



વિકાસ કરવામાં આવશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે પાકિસ્તાન ભવિષ્યમાં ભારતને ઓઈલ વેચી શકે છે.

અમે પાકિસ્તાન સાથે એક ડીલ ફાઈનલ કરી છે, જેમાં અમેરિકા અને પાકિસ્તાન સંયુક્ત રીતે ત્યાંના વિશાળ ઓઈલ ભંડારનો વિકાસ કરશે. આ ભાગીદારી માટે એક ઓઈલ કંપનીની પસંદગી કરવામાં આવશે. કદાચ એક દિવસ તેઓ ભારતને પણ ઓઈલ વેચશે.

અમેરિકાએ આ વર્ષે બીજી વખત ભારતીય કંપનીઓ પર પ્રતિબંધો લગાવ્યા છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં પણ તેણે ૪ ભારતીય કંપની પર પ્રતિબંધ લગાવ્યો હતો. આ કંપનીઓ પર ઈરાનનાં પેટ્રોલિયમ ઉત્પાદનોના વેચાણ અને પરિવહનમાં મધ્યસ્થી કરવાનો પણ આરોપ હતો.

# દિલ્હી, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ધોધમાર વરસાદના દોરથી માર્ગો પર નદીયું વહેવા લાગી છે. દિલ્હી-એનસીઆરમાં પાણી ભરાવવાથી લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ગાઝીયાબાદમાં વરસાદથી ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. માર્ગો પર પાણી ભરાવાથી ટ્રાફિક જામની સ્થિતિ પેદા થઇ હતી. સ્કુલોમાં રજા રાખવી પડી હતી.

દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં ભારે વરસાદનો દોર જોવા મળી રહ્યો છે. જેના કારણે અનેક નદીઓ ગાંડીતૂર બની છે. નદી-નાળા છલકાવા માંડ્યા છે. સ્કૂલોમાં રજા જાહેર કરવાની ફરજ પડી હતી. રાજસ્થાનના સવાઈ માધોપુર, જયપુર, બુંદી, ધોલપુરમાં સ્થિતિ ચિંતાજનક થઇ ગઈ છે. જ્યારે મધ્યપ્રદેશના શિવપુરી, સાગર, વિદિશા અને ગુનામાં પૂર જેવી સ્થિતિને કારણે ચિંતા વધી ગઈ છે. બચાવ કામગીરી માટે આર્મીએ મેદાનમાં ઊતરવું પડ્યું છે.

રાજસ્થાનની ઘણી નદીઓ છલકાઈ રહી છે અને ઘણા બંધ છલકાઈ રહ્યા છે. ધોલપુરમાં ચંબલ નદી છલકાઈ રહી છે. ચંબલ આ સમયે ખતરાના નિશાનથી ૧૧ મીટર ઉપર વહી રહી છે. ચંબલ કિનારાના ઘણા ગામો સંપૂર્ણપણે ડૂબી ગયા છે.

કેટલાક ગામોમાં ૧૦-૧૫ ફૂટ સુધી પાણી ભરાઈ ગયું છે. ગામડાઓમાં હવે કોઈ નથી. લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. હવામાન વિભાગે ગુરુવારે અજમેર, જયપુર, બિકાનેર અને જોધપુર વિભાગના કેટલાક ભાગોમાં ભારે અને ખૂબ જ ભારે વરસાદની આગાહી કરી છે.

બીજી તરફ, મધ્યપ્રદેશમાં સોમવારથી એટલો ભારે વરસાદ શરૂ થયો કે ૧૩ જિલ્લાઓમાં જીવનની ગતિ ઠપ્પ થઈ ગઈ. તસવીરો બતાવે છે કે કેવી રીતે પાણીએ બધું જ ડૂબાડી દીધું છે. મુરેના, ભિંડ, ગ્વાલિયર, બુંદેલખંડ ક્ષેત્રમાં ચંબલ નદી પૂરની જેમ ઉભરાઈ રહી છે. સિંધ અને તેની ઉપનદીઓ શિવપુરી અને વિદિશામાં ગામડાઓને ડૂબાડી રહી છે. આ તે નદીઓ છે જે પાછળથી યમુનામાં જોડાય છે અને પછી યમુના પ્રયાગરાજમાં ગંગામાં મળે છે.

નર્મદા કિનારાના વિસ્તારો પણ પૂરની ઝપેટમાં છે. નર્મદાપુર, ખંડવા, જબલપુર, ડિંડોરી અને હરદા વિસ્તારો વરસાદ અને પૂરની ઝપેટમાં છે. પૂર પછી, સેના અને અન્ય અધિકારીઓએ રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ૨૭ શાળાના બાળકો સહિત લગભગ ૨,૯૦૦ લોકોને બચાવ્યા છે.

# રાજકોટના જોઇન્ટ ચેરીટી કમિશ્નર આર.વી.વ્યાસની સત્તા આંચકી લેવાઇ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજય સરકારે એક અસામાન્ય પગલામાં ચેરીટી કમિશ્નર આર.વી.વ્યાસના કેસ સાંભળવા-ચલાવવા તથા ચુકાદો આપવાના અધિકાર પાછા ખેંચી લીધા છે અને તેમના હસ્તકના કેસો અન્ય અધિકારીઓને સોંપી દીધા છે.

એટલું જ નહીં તેમના દ્વારા અપાયેલા ચુકાદા રદ કરી નાખ્યા છે તેમજ રાજકોટ તથા અમદાવાદના સંયુક્ત ચેરીટી કમિશ્નરના વધારાના ચાર્જમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા છે. ચેરીટી કમિશ્નરની સતા આંચકી લેવામાં આવી હોય તેવો ગુજરાતનો આ પ્રથમ કિસ્સો હોવાનું માનવામાં આવે છે. માહિતગાર સૂત્રોએ જણાવ્યું



છે કે ચેરીટી કમિશ્નર કચેરીની કાર્યવાહી તથા નીતિરીતિ સામે રાજય સરકારને અનેક ફરિયાદો મળી હતી.

નિયત સમયમર્યાદામાં કેસોનો નિકાલ કરાતો ન હોવાથી જુના કેસોનો ભરાવો થયાનો પણ ઉહાપોહ હતો. ગુજરાત ચેરીટી બાર એસોસીએશને પણ સરકાર તથા કાયદા વિભાગને રજુઆત કરીને લેખિત આવેદનપત્ર સુપરત કર્યુ હતું.

ચેરીટી કમિશ્નર વ્યાસને નિવૃતિ પુર્વે જ કમિશ્નર તરીકેનું પ્રમોશન અપાયુ હતું તથા કાર્યકાળ એક વર્ષ માટે લંબાવી દેવામાં આવ્યો હતો. સૂત્રોએ કહ્યું કે અમદાવાદની ભાગોળે એક ધાર્મિક સ્થળ દુર કરવા તથા પ્રતિમા સ્થાપનના અધિકાર મામલે બે જૂથોના કાનૂની વિવાદમાં તેઓએ આપેલા ચુકાદાને પગલે આ કાર્યવાહી થયાની શંકા છે.

રાજયના કાયદા વિભાગના નાયબ સચીવ એ.કે.ગોહિલની સહીથી જારી થયેલા આદેશમાં જણાવાયા મુજબ ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ની કલમ ૮ હેઠળના અધિકાર રદ કરવામાં આવે છે.

# જામનગરનું કાશી વિશ્વનાથ મહાદેવ, જ્યાં ચારેય દિશાથી કરી શકાય છે શિવજીના દર્શન





જામનગર, જેને પ્રેમથી 'છોટી કાશી' કહેવાય છે, તે ખરેખર દેવાલયોનું શહેર છે. અહીં અનેક પૌરાણિક શિવ મંદિરો આવેલા છે, જેમાંથી એક અતિ વિશિષ્ટ અને ભક્તિમય સ્થાન એટલે શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર. આ મંદિર માત્ર તેની પ્રાચીનતા માટે જ નહીં, પરંતુ તેની અનોખી સ્થાપત્ય શૈલી અને વર્ષો જૂની પરંપરાઓ માટે પણ જાણીતું છે.મંદિરની વિશેષતા મહાદેવનું ચતુર્મુખી સ્વરૂપ.શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરની સૌથી મુખ્ય વિશેષતા તેનું ચતુર્મુખી સ્વરૂપ છે. મંદિરના ચાર દિશાઓમાં ચાર ભવ્ય દ્વાર આવેલા છે, અને આ ચારેય દ્વારથી ભક્તો ભગવાન શિવજીના દર્શન કરી શકે છે. આ રચના જાણે સૂચવે છે કે ભગવાન શિવ સૃષ્ટિના કણે કણમાં વ્યાપેલા છે અને કોઈપણ દિશાથી તેમના શરણમાં આવી શકાય છે.આ મંદિરની ખરી શોભા અને ભક્તો માટેનું મુખ્ય આકર્ષણ તો શ્રાવણ માસ દરમિયાન જોવા મળે છે. આ પવિત્ર મહિનામાં, શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં દરરોજ ભગવાન શિવજીની અનોખી અને વિવિધ ઝાંખીઓ તૈયાર કરવામાં આવે છે. સવારના પહોરથી જ મંદિરના પૂજારી પરિવાર અને અન્ય શિવભક્તો દિવસની આ વિશેષ દર્શન ઝાંખીની તૈયારીઓમાં લાગી જાય છે. ક્યારેક ભગવાનને ફૂલોથી શણગારવામાં આવે છે, તો ક્યારેક ફળોથી, બરફથી, કે પછી વિવિધ અનાજથી. દરેક ઝાંખી ભગવાનના એક અલગ સ્વરૂપને ઉજાગર કરે છે અને ભક્તોને નિતનવા દર્શનનો લ્હાવો મળે છે. આ દિવ્ય શણગાર દર્શનાર્થીઓને મંત્રમુગ્ધ કરી દે છે અને શિવભક્તિના ઊંડા રંગે રંગી દે છે.

# જામનગર આંગણવાડીમાંથી ગેસ સિલિન્ડર ચોરતો સસ્પેન્ડેડ આચાર્ય ઝડપાયોઃ ૨૬થી વધુ ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાની આંગણવાડીઓમાંથી ગેસના બાટલા ચોરનાર સસ્પેન્ડ શાળા આચાર્યને એલસીબીએ ઝડપી લીધો છે.કાંતિલાલ ડાયાલાલ નકુમ (૪૫) નામના આ શિક્ષકે ત્રણ જિલ્લાની ૨૬ આંગણવાડીઓમાંથી ૧૮ ગેસ બાટલાની ચોરી કરી હતી. એલસીબીની ટીમે દરેડ ગામમાં સીએનજી પંપ નજીક અવાવરું ઓરડીમાં રેઇડ કરી તેને પકડ્યો હતો.પોલીસે આરોપી પાસેથી રૂ. ૩૦ હજારની કિંમતના ૧૮ ગેસના બાટલા, રૂ. ૩૫ હજારની કિંમતનું બાઇક અને રૂ. ૫ હજારની કિંમતનો મોબાઇલ ફોન તથા ડિસમિસ અને



લોખંડનો સળિયો મળી કુલ રૂ. ૭૦,૦૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું કે તે આંગણવાડીઓની રેકી કરી દરવાજાના નકૂચા ડિસમિસ અને લોખંડના સળિયા વડે તોડી બાટલાઓની ચોરી કરતો હતો. આરોપી ઓનલાઇન જુગારમાં પૈસા હારી જતાં ચોરીના રવાડે ચડ્યો હતો.આરોપીએ જામનગર તાલુકાના લાખાબાવળ, સિક્કકા, રાવલસર, સરમત, લાલપુર તાલુકાના દલતુંગી, જશાપર, નવી પીપર, મેઘપરમાં પડાણા, મોટા લખિયા, ડેરાશિકારી, મીઠોઇ, ખટિયા અને ભાણવડના ખોટડી, ઘોરિયા, ખંભાળિયાના શેઢા ભારથર, દ્વારકા તાલુકાના ચરકલા, કુરંગા, દ્વારકા, કલ્યાણપુરના ચપર ગામ, આશિયાવદર, ગુરગઢ, હર્ષદ ગાંધવી, વાડીનાર અને પોરબંદર જિલ્લાના ભોમિયાવદર, ખાંભોદર, અડવાણા, સોઢાણા અને બગવદર ગામની આંગણવાડીઓમાંથી ચોરી કરી હતી.આ કેસમાં એલસીબીના અરજણ કોડિયાતર, ધર્મેન્દ્રસિંહ જાડેજા, ઘનશ્યામભાઇ ડેરવાડિયા અને મયુદીન સૈયદને મળેલી સંયુક્ત બાતમીના આધારે પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુની સૂચનાથી કાર્યવાહી કરવામાં આવી હતી. પીઆઈ વી.એમ. લગારીયા, પીએસઆઇ સી.એમ. કાંટેલિયા, પી.એન. મોરી તથા સ્ટાફના ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ અને શરદભાઈ પરમાર કિશોર પરમાર સહિતના સ્ટાફે આ કામગીરી કરી હતી.

# ઉના સીમર ગામે જાહેરમાં જુગાર રમતા જુગારીઓને ઝડપી પાડતી નવાબંદર મરીન પોલીસ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

જુનાગઢ રેન્જ આઈ.જી.પી શ્રી નિલેશ જાજડીયા તથા પોલીસ અધિક્ષકશ્રી મનોહરસિંહ એન જાડેજા ગીર સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી સાહેબ ઉના વિભાગ ઉના સાહેબનાઓએ પ્રોહી/જુગારની પ્રવૃતિ સદંતર બંધ કરવા અને જણાય આવ્યેથી કાયદેસર કાર્યવાહી કરવા સખત સુચના કરેલ હોય જે અનુસંધાને ઇ/ચા પોલીસ ઇન્સ શ્રી વીકે.ઝાલા ના માર્ગદર્શન મુજબ પો.હેડ કોન્સ. પાંચાભાઇ પુંજાભાઇ બાંભણીયા તથા મનુભાઇ લાખાભાઇ સોલંકી તથા પ્રદ્યુમનસિંહ માનસિંહ વાઢેર તથા જીતેશકુમાર અરજણભાઇ દમણીયા તથા પો.કોન્સ. સંદિપભાઇ વલ્ભભાઇ ઝણકાટ તથા જશપાલભાઇ નોંઘણભાઇ ડોડીયા તથા વાજસુરભાઇ લુંભાભાઈ રામ તથા વુ.પો.કોન્સ. ભારતીબેન મનુભાઈ બારૈયાએ રીતેના પો.સ્ટાફના માણસો સાથે નવાબંદર મરીન પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના પો.હેડ કોન્સ. પી.પી.બાંભણીયા તથા મનુભાઇ લાખાભાઇ સોલંકી તથા પ્રથમનસિંહ માનસિંહ વાઢેરનાઓને સંયુકત રીતે મળેલ બાતમી હકીકત આધારે સીમર ગામે આવેલ દરબાર શેરી વિસ્તારમા જુગાર અંગે રેઇડ કરી નીચે જણાવેલ ઇસમો વિરુધ્ધ

પકડેલ આરોપીઓઃ-(૧) પ્રકાશભાઇ ખોડુભાઇ સોલંકી ઉ.વ.૫૧ ધંધો ડ્રાઇવીંગ (૨) ભીખુભા ટપુભા જાડેજા ઉ.વ.૩૯ ધંધો મજુરી (૩) મંજુબા ડો/ઓ નટુભા ટપુભા રાઠોડ ધંધો ઘરકામ (૪) લખમીબેન ઉર્ફે લસુબેન વા/ઓ દિનેશભાઇ શાંતીભાઇ બહીડા ધંધો ઘરકામ (૫) શબાનાબેન વા/ઓ રફીકભાઇ અબુભાઇ મુસેત્રા ધંધો ઘરકામ (૬) સુરજબા વા/ઓ જુવાનસિંહ જેઠીજી ચૌહાણ ધંધો ઘરકામ (૭) જશુબા વા/ઓ હરીસિંહ ઉમેદસિંહ રાઠોડ ધંધો ઘરકામ (૮) ધીરજબા વા/ઓ અજીતસિંહ રાઘુભા વાળા ધંધો ઘરકામ (૯) રાઘુબેન વા/ઓ રામભાઇ વીરાભાઈ પરમાર ધંધો ઘરકામ (૧૦) નાનબાઇબેન વા/ઓ નારણભાઈ ટપુભાઇ કોટડીયા ધંધો ઘરકામ (૧૧) સુનીતાબેન વા/ઓ અરવિંદભાઇ જેન્તીભાઈ પાલા ધંધો ઘરકામ (૧૨) મધુબેન વા/ઓ ભીખુભાઇ નાનુભાઇ વ્યાશ ધંધો ઘરકામ રહે. તમામ સીમર તા.ઉના જી.ગીર સોમનાથ કબ્જે કરેલ મુદામાલ -(૧) રોકડ રૂ.રૂ.૬૧,૪૩૦/- (૨) જુગાર સાહિત્ય કિ.રૂ.૦૦/-કુલ કિ.રૂ.કિ.રૂ.૬૧,૪૩૦/- જપ્ત કરી અને કાયદેસરની કાર્યવાહી.

# ઉનાના નવાબંદર મરીન પોલીસે ગુમ થયેલ ૮ મોબાઈલ શોધી મુળ માલિકોને પરત કર્યા



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

જુનાગઢ રેન્જ આઇ.જી.પી શ્રી નિલેશ જાજડીયા તથા પોલીસ અધિક્ષકશ્રી મનોહરસિંહ એન.જાડેજા ગીર સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરી ઉના વિભાગ ઉના નાઓની સૂચના મુજબ નવાબંદર મરીન પો.સ્ટે.ના ઇ/ચા પોલીસ ઇન્સ. વી.કે.ઝાલા તથા નવાબંદર મરીન પોલીસ સ્ટાફ નાઓ સંયુકત રીતે કામગીરીમાં જોડાઇ ટેકનીકલ એનાલીસીસ તથા હયુમન રીસોર્સથી માહિતી એકત્ર કરી ગુમ/પડી ગયેલ મોબાઇલો શોધી જેતે સ્થિતિમાં મુળ ૮ મોબાઈલ જેની કિંમત ૬૦ હજાર થી વધુન મોબાઈલ માલિકોને પરત કરતી નવાબંદર મરીન પોલીસ ઉચ્ચ ઉદાહરણ પૂરું પાડ્યું

# જામનગર મહાપાલિકા દ્વારા વિકાસ કામોમાં વ્યાપક ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે કોંગ્રેસે કર્યા સુત્રોચ્ચાર




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વિકાસના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરરીતિ થાય છે. તેવા આક્ષેપો સાથે જામનગર શહેર કોંગ્રેસ દ્વારા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન વિરૂધ્ધ સુત્રોચ્ચાર પોકારી વિરોધ પ્રદર્શન મહાનગરપાલિકામાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન ઓફીસની બહાર કરેલ હતાં.જામનગર શહેર કોંગ્રેસ સમિત્તિના પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાની હેઠળ. મહાનગરપાલિકાના વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર થાય છે.

તેવા આક્ષેપો સાથે વિરોધ પ્રદર્શન સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની ઓફિસ બહાર કરવામાં આવેલ હતું. સાથે સાથે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો દ્વારા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરેલ હતાં. મહાનગરપાલિકા દ્વારા જે વિકાસના કામો થાય છે તેમાં વ્યાપક ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારને અટકાવવા માંગ કરવામાં આવી હતી. જેને લઇને મનપામાં ઉતેજના વ્યાપી હતી.

# ગીર ગઢડાના કાણકીયા ગામે વૃદ્ધ મહિલા પર વન્ય પ્રાણીએ હુમલો કરતા મોત

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**



ગીર ગઢડાના કાણકીયા ગામે કમળા બેન નામના મહિલા આજે સવારે વહેલા સાડા પાંચ વાગ્યાના અરસામાં કુદરતી હાજતે જતા હતા ત્યારે કમળાબેન ના ફળિયામાં જંગલી પ્રાણી એ હુમલો કરી મોતને ઘાટ ઉતારેલ પરંતુ ઘરના સભ્યો જાગી જતા કમળાબેન ના પુત્ર અને પુત્રવધુ આજુબાજુ તપાસ કરતા કમળાબેન ઓઢેલી સાલ બાજુમાં વાડામાં ફૂલવાડીમાં લોહી વાળી જોવા મળતા આગળ તપાસ કરતા કમળાબેન મૃત હાલતમાં જોવા મળતા બંને પગ જંગલી જાનવરે ખાઈ જતા હમે તાત્કાલિક સરપંચ કાળાભાઈ ને જાણ કરી બોલાવી અને જંગલ ખાતાને જાણ કરતા તાત્કાલિક જંગલ ખાતુ સ્થળ ઉપર આવી તપાસ કરતા કોઈ જંગલી જાનવર દિપડો અથવા સિંહ જેવા પ્રાણીએ હુમલો કરેલ જંગલ ખાતાના કર્મચારીઓએ આગળની કાર્યવાહી કરેલ આમ મૃત પામનાર કમળાબેન ના પુત્ર વિજયભાઈ તથા તેમના પત્નીએ પોતાની આપવીતિ દર્શાવિને જંગલ ખાતા ના કર્મચારીઓને કહેલ કે જંગલમાંથી દૂર દૂર ગામડામાં જંગલી પ્રાણીઓ માનવ ભક્ષી થઈ ગયા હોવાથી તાત્કાલિક જંગલી પ્રાણીઓ ઉપર સતત હોચ રાખી વધુ બનાવ ન બને તેવી ગામ લોકોએ જણાવેલ છે.

# કોઈપણ પ્રકારની લીઝ મંજૂરી વગર લાઈમ સ્ટોનનું ખનન ઝડપાયું

## ગીર ગઢડાનાં આંકોલાળી ગામે ગૌચરમાં થયું હતું ખનન

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

જિલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાયની સૂચના અને પ્રાંત અધિકારી, ઉનાના માર્ગદર્શન હેઠળ ગીર ગઢડા તાલુકામાં ગેરકાયદેસર થતી ખનીજ ચોરી બાબતે ગીર ગઢડા તાલુકાનાં આંકોલાળી ગામે ગૌચર સ.નં.૧ પૈકીમાંથી ગેરકાયદેસર થતાં લાઇમ સ્ટોનનાં ખનન અંગે મળેલ બાતમી આધારે મામલતદાર કચેરીની ટીમ દ્વારા સ્થળ તપાસ કરતાં સ્થળે કોઈ પણ પ્રકારની લીઝ મંજૂરી વગર લાઇમ સ્ટોનનું ખનન થયેલ હોવાનું ધ્યાને આવ્યું હતું.

આ સ્થળે હાજર ભાવેશભાઇ વીરાભાઇ નામનાં વ્યકિતની પૂછપરછ કરતાં તેઓ આ જગ્યાએથી લાઇમ



સ્ટોનનું ખનન કરતાં હોવાનું સ્વીકાર્યું હતું.

જેથી તેઓનું નિવેદન લઇ તથા પંચરોજકામ કરી સવાલવાળા સ્થળેથી થયેલ ખનન અંગે ચોક્કસ જથ્થો નકકી કરવા અંગે સ્થળ માપણી કરી આગળની દંડનીય કાર્યવાહી હાથ ધરવા ભૂસ્તરશાસ્ત્રી, ખાણ ખનિજ વિભાગ,ગીર સોમનાથને અહેવાલ કરવામાં આવેલ છે.

# જામનગર સહિત અનેક જિલ્લામાં સોલાર પ્લાન્ટમાંથી ચોરી કરતી ગેંગના બે ઝડપાયા

## બાર સ્થળોએ થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની એલસીબી પોલીસે આંતરજિલ્લા સોલાર પ્લાન્ટમાં કોપર અને એલ્યુમિનિયમ વાયર ચોરી કરતી ગેંગના બે સાગરિતોને પકડી પાડ્યા છે. પોલીસે આ ગેંગ દ્વારા સૌરાષ્ટ્ર પંથકમાં કરવામાં આવેલી ૧૨ ચોરીઓનો ભેદ ઉકેલ્યો છે.



પોલીસ ઇન્સપેક્ટર વી.એમ. લગારીયા અને તેમની ટીમને બાતમી મળી હતી કે આરોપીઓ લાલપુર તાલુકાના ગોવાણા ગામ તરફથી અર્ટીગા કાર (નંબર-જી.જે.૦૪ ઇએ ૨૯૨૫)માં ચોરીનો વાયર લઈ આવી રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે કારમાં સવાર બે આરોપીઓને પકડી પાડ્યા હતા.પકડાયેલા આરોપીઓમાં મહેશભાઈ ઉર્ફે લાલો મથુરભાઈ મકવાણા (ભાવનગર) અને કલ્પેશભાઈ ઉર્ફે કયું હિંમતભાઈ ડાભી (શિહોર, ભાવનગર)નો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી સોલાર પેનલ ડી.સી. કનેક્ટર ૮૦ નંગ, ૨૪૦૦ મીટર કોપર કેબલ વાયર, એક અર્ટીગા કાર, બે મોબાઈલ ફોન અને ત્રણ વાયર કાપવાના કટર મશીન મળી કુલ રૂ. ૭,૯૦,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.આરોપીઓની પૂછપરછમાં તેમના અન્ય પાંચ સાગરિતોના નામ બહાર આવ્યા છે.

આ સાગરિતોમાં ગોપાલભાઈ નરશીભાઈ વાઘેલા, અજયભાઈ પ્રવિલ્લભાઈ ડાભી, અલ્પેશભાઈ દિનેશભાઈ કોળી, ભરતભાઈ ડુંગરભાઈ વાઘેલા અને લાલજીભાઈ કલ્યાણભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. પોલીસે આ તમામને ફરાર જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી છે.આરોપીઓએ કબૂલાત કરી છે કે તેમણે જામનગર જિલ્લાના લાલપુર અને કાલાવડ ગ્રામ્ય, અમદાવાદ જિલ્લાના સંપુકા, અમરેલીના બાબરા, રાજકોટ જિલ્લાના ઉપલેટા, જૂનાગઢ જિલ્લાના વિસાવદર અને કચ્છના ભચાઉ સહિત ૧૨ જેટલા સોલાર પ્લાન્ટમાંથી ચોરી કરી હતી.આ ગેંગ ગુગલ મેપનો ઉપયોગ કરીને સોલાર પ્લાન્ટની જગ્યાઓનું સર્વે કરતી હતી. ત્યારબાદ ફોરવ્હીલ વાહનમાં જઈને કટર મશીનથી કેબલ વાયરની ચોરી કરતા હતા. પોલીસે આ ગેંગના અન્ય સાગરિતોને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં પ્રિઆરડીસી - ૧ તથા CATC સંયુક્ત એનસીસી કેમ્પમાં ગ્રુપ કમાન્ડર દ્વારા પરેડ નિરીક્ષણ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં દસ દિવસીય પ્રિઆરડીસી-૧ તથા CATC ( Combined Annual Training Camp) સંયુક્ત કેમ્પનું આયોજન આહીર કન્યા છાત્રાલય, કનસુમરા નજીક,જામનગર ખાતે કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં આર્મી તથા નેવીના કુલ ૩૫૦ કેડેટ્સ ભાગ લઈ રહ્યા છે.આ કેમ્પમાં જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટરના ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર પી શશીએ પરેડ નિરીક્ષણ કર્યું હતું.આ કેમ્પમાં દિલ્હી ગણતંત્રદિવસ -૨૦૨૬ ની કર્તવ્ય પથ પર યોજાનારી પરેડમાં ભાગ લેવા જનારા કેડેટ્સની પસંદગી પ્રાથમિક સ્તરે કરવામાં આવે છે.આ તાલીમી શિબિરમાં નકશા વાંચન, યુદ્ધાભ્યાસ, કુદરતી આફત નિવારણ તાલીમ,વ્યક્તિત્વ વિકાસ, સામાજિક સેવા અને વિવિધ વિષયો પર પ્રેરક વ્યાખ્યાનો આવરી લેવામાં આવે છે. આ કેમ્પનું સફળ આયોજન ૨૭ ગુજરાત એનસીસી બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર કર્નલ મનીષ દેવરે ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટરના ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર પી શશીએ જીવનમાં શિસ્તનું મહત્વ અને નિયમિતતાના ફાયદા સમજાવ્યા હતા. કેમ્પમાં કેડેટ્સ આવે ત્યારે એકબીજા સાથે મળી નેતૃત્વના ગુણો શીખે છે અને સામાજિક સહજીવન શીખે છે.કેડેટ્સને સેનામાં જોડાવા પ્રોત્સાહિત કર્યા હતા. જીવનમાં જે કંઈપણ કરો સર્વોત્તમ બની કરો.

આહીર કન્યા શૈક્ષણિક સંકુલના મેનેજમેન્ટનો પ્રશંશનીય સહયોગથી કેમ્પનું સફળ અને સુચારૂ સંચાલન થઈ રહ્યું છે.


# શાપર વેરાવળમાંથી નામચીન શખસ ૨.૩૮૭ કિ.ગ્રા. ગાંજા સાથે ઝડપાયો

## જીલ્લા એસઓજીની ટીમનો મકાનમાં દરોડોઃ સુરતથી લાવી છેલ્લા ચારેક માસથી વેપલો કરતો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં ગંગા ફોર્જીંગના ગેઈટ પાસેના મફતીયા પરામાં રહેતો નામચીન શખસના મકાન પર દરોડો પાડી રૂ.૨૩૮૭૦ની કિમતનો ૨.૩૮૭ કિ.ગ્રા. ગાંજાના જથ્થો મળી આવતા પોલીસે શખસની ઘરપકડ કરી હતી. પોલીસની પુછતાછમાં ત્રણેક દિવસ પુર્વે સુરતથી લઈ આવ્યો હતો અને છેલ્લા ચારેક માસથી સુર-તથી લાવી છુટક પડીકીઓ બનાવી વેપલો કરતો હોવાનુ રટણ કરતા પોલીસે વધુ એક આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ શાપર વેરાવળમાં ગંગા ફોર્જીંગના ગેઈટ પાસેના મફતીયા પરામાં રહેતો નામચીન મોહદિશ મહમદ હુસેન કરાલ છેલ્લા કેટલાક દિવસથી ।। ગાંજાનો વેપાર કરતો હોવાની માહીતીને આધારે પીઆઈ પારગી,પીએસઆઈ ચાવડા સહિતના સ્ટાફે દરોડો પાડતા મકાનમાંથી ૨.૩૮૭ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો મળી આવતા પોલીસે મોહદિશ મહમદ



હુસેનની ઘરપકડ કરી તેની પાસેથી ગાંજો, મોબાઈલ સહીત કુલ રૂ.૨૮૮૭૦ ની મતા કબજે કરી તપાસ હાથ ધરી હતી.

પોલીસની તપાસમાં મોહદિશ અગાઉ રાજકોટમાં કોઠારીયા સોલ્વન્ટ પાસેના રસુલપરામાં રહેતો હોવાનુ અને અગાઉ શાપરમાં માર-ામારી,જુગાર સહીતના ચાર ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હોવાનુ બહાર આવતા પોલીસે તેની પુછતાછ કરી હતી. પોલીસની પુછતાછમાં આ ગાંજો ત્રણેક દિવસ પુર્વે સુરતથી લઈને આવ્યો હતો અને છેલ્લા ચારેક માસથી સુરતથી લાવી છુટક વેચાણ કરતો હોવાનુ રટણ કરતા પોલીસે સુરતના શખસને પકડી લેવા તેમજ મોહદિશ મહમદ હુસેનની વધુ પુછતાછ માટે રિમાન્ડ ની માંગ સાથે કોર્ટ હવાલે કરવાની કાર્યવાહી કરી છે.

# માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા સ્વ.સતારભાઈ વાઘેલાના પરિવારને મળી વહીવટી તંત્રની હૂંફ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલ વહીવટી તંત્ર દ્વારા પરિવારને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રૂ.ચાર લાખની સહાયની સાથે ગંગા સ્વરૂપા સહાય, જરૂરી પ્રમાણપત્રો તથા રાહત દરે રાશનની કરાઈ વ્યવસ્થા.મુખ્યમંત્રીના કાર્યાલય દ્વારા પણ પરિવારની જરૂરિયાતને ધ્યાને લઈ તાત્કાલિક રૂ.ચાર લાખની સહાય મંજૂર કરાઈ.ધ્રોલના ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષીય સતારભાઈ વાઘેલાનું માર્ગ અકસ્માતમાં અવસાન થતાં તેમના પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. સતારભાઈના અવસાનથી તેમના ધર્મપત્ની વિનુબેન વાઘેલા અને દસ વર્ષથી નીચેના તેમના ચાર બાળકો નિરાધાર બન્યા હતા. અતિ સામાન્ય સ્થિતિમાં જીવન નિર્વાહ કરતા પરિવારને આ કપરી ઘડીમાં ધ્રોલ વહીવટી તંત્ર મદદે આવ્યું હતું અને ત્વરિત કાર્યવાહી હાથ ધરી પરિવારને સહાયરૂપ થયું હતું.ધ્રોલ પ્રાંત અધિકારી તથા મામલતદારએ આ



ઘટનામાં સંવેદના દાખવી હતી અને તાત્કાલિક જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. સૌપ્રથમ, તેઓએ સ્વ. સતારભાઈ વાઘેલાનું મરણ પ્રમાણપત્ર તૈયાર કર્યું હતું. ત્યારબાદ, પરિવારને મળવાપાત્ર તમામ યોજનાકીય સહાય મળે તે માટે કાર્યવાહી શરૂ કરી હતી. તંત્રની મદદથી વિનુબેનની ગંગા સ્વરૂપા સહાય શરૂ થઈ હતી અને તેમને રાહત દરે અનાજ મળી રહે તે માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.આટલેથી જ ન અટકતા, વિનુબેનને આર્થિક મદદ મળી રહે તે માટે ધ્રોલ વહીવટી તંત્ર દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય મળી રહે તે માટે મુખ્યમંત્રી કાર્યાલયમાં દરખાસ્ત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીના કાર્યાલય દ્વારા પણ આ દરખાસ્તની સંવેદના અને જરૂરિયાતને સમજીને તાત્કાલિક સતારભાઈના પરિવાર માટે રૂ. ચાર લાખની સહાય મંજૂર કરવામાં આવી હતી.મંજૂર થયેલી આ સહાય ધારા-સભ્ય મેઘજીભાઈ ચાવડાના હસ્તે ધ્રોલ પ્રાંત અધિકારી તથા મામલતદારની ઉપસ્થિતિમાં પરિવારજનોને અર્પણ કરવામાં આવી હતી. આ ઘટના મુખ્યમંત્રી કાર્યાલય તથા વહીવટી તંત્રની સંવેદનશીલતા અને નાગરિકો પ્રત્યેની જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

# લોધેશ્વર સોસાયટીનો શખ્સ પાસામાં અમદાવાદ જેલમાં ધકેલાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધુએક મારામારીની ટેવવાળા શખ્સને પોલીસે પાસામાં અમદાવાદ જેલમાં ધકેલી દેતા ગુન્હેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ માલવીયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ મારામારીના ગંભીર ગુન્હામાં અગાઉ પોલીસ ચોપડે ચડી ગયેલા આરોપીઓનો ઇગુજકોપ પ્રોજેકટમાં ગુન્હાહીત ઇતિહાસ ચેક કરી પીઆઇ



જે.આર.દેસાઇની સુચનાથી પીએસઆઇ એમ.જે.ધાંધલ સહિતના સ્ટાફે ગોંડલ રોડ પર પીડીએમ કોલેજની પાછળ આવેલ લોધેશ્વર સોસાયટીમાં રહેતો અને અનેકવાર મારામારીના ગંભીર ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા ભરત ઉર્ફે ઋત્વીક ઉર્ફે દાદુ બાબુ જરીયા નામના શખ્સની અટકાયત કરી દરખાસ્ત તૈયાર કરી પાસાના કાગળો વડી કચેરીએ મોકલાવતા તેના પર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મહોર લગાવી દેતા આ શખ્સને પાસામાં અમદાવાદ મધ્યસ્થત જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

**ભારત અને ગુજરાત માટે ગૌરવવંતી ક્ષણ**

# ૩૬ મી આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડમા ભારતનુ ઉત્કૃષ્ટ પ્રદર્શન, ભારતને મળ્યા ૨ ગોલ્ડ, ૨ સિલ્વર મેડલ

### ધોરાજીનાં પાટણવાવનાં રૂદ્ર પેથાણીએ ગોલ્ડ મેડલ જીતી વગાડ્યો ભારતનો ડંકો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાનાં મૂળ પાટણવાવ ગામનાં રૂદ્ર પેથાણીએ તાજેતરમાં તા. ૨૦ થી ૨૭ જુલાઈ સુધી ફિલિપાઈન્સનાં ક્વિઝોન સીટી ખાતે યોજાયેલ ૩૬ મી આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડમાં સુવર્ણચંદ્રક જીતીને અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે.

આ સ્પર્ધામાં ભારતને ૦૨ ગોલ્ડ અને ૦૨ સિલ્વર મેડલ એમ કુલ ૦૪ મેડલ જીતી સ્પર્ધકોએ ભારતનો ડંકો વગાડ્યો છે. આ સિદ્ધિ ભારતીય વિદ્યાર્થીઓની જીવવિજ્ઞાનમાંની મજબૂત પકડ અને તૈયારી દર્શાવે છે.

આ સિદ્ધિ સાથે રુદ્રએ આંતરરાષ્ટ્રીય



જુનિયર સાયન્સ ઓલિમ્પિયાડ -૨૦૨૩, આંતરરાષ્ટ્રીય અર્થ સાયન્સ ઓલિમ્પિયાડ - ૨૦૨૪, આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડ - ૨૦૨૫માં ગોલ્ડ મેડલ ''હેટ્રિક ઓફ ગોલ્ડ મેડલ્સ'' પૂર્ણ કરી છે, જે તેની શૈક્ષણિક શ્રેષ્ઠતા અને વિજ્ઞાન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ તકે તેમના માતાશ્રી હિનાબેન પેથાણીએ ખુશીની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ ક્ષણ પેથાણી પરીવાર અને સમગ્ર ભારત માટે ગર્વાન્વિત બનાવનાર છે. સાથે જ અમારું વતન પાટણવાવ, ગુજરાત અને સમગ્ર દેશનું નામ વિશ્વભરમાં પ્રખ્યાત કર્યાની ભવ્ય સિદ્ધિ હાંસલ કરી છે, જે અમારા માટે ગર્વની વાત છે.

અત્રે નોંધનીય છે કે, ૩૬મી આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડ -૨૦૨૫ જીવવિજ્ઞાન ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટેની એક પ્રતિષ્ઠિત વૈશ્વિક સ્પર્ધા છે. જેનો મુખ્ય હેતુ યુવા પ્રતિભાઓને જીવવિજ્ઞાનમાં રસ લેવા પ્રોત્સાહિત કરવાનો, આંતરરાષ્ટ્રીય સ્તરે જૈવિક જ્ઞાન અને કૌશલ્યોનું પ્રદર્શન કરવાનો, અને જીવવિજ્ઞાનના ક્ષેત્રમાં ભવિષ્યના વૈજ્ઞાનિકો અને સંશોધકોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્યાર્થીઓના જૈવિક જ્ઞાન અને પ્રાયોગિક કૌશલ્યોને ચકાસવા માટે માં સૈદ્ધાંતિક (લેખિત) અને પ્રાયોગિક (વ્યવહારુ) બંને પ્રકારની પરીક્ષાઓનો સમાવેશ થાય છે. આ પરીક્ષાઓમાં સેલ બાયોલોજી, મોલેક્યુલર બાયોલોજી, ઇકોલોજી, જિનેટિક્સ, છોડ અને પ્રાણીઓની શરીરરચના અને શરીરવિજ્ઞાન જેવા જીવવિજ્ઞાનના વિવિધ પાસાઓને આવરી લેવામાં આવે છે.

જસદણ અને વિંછીયા તાલુકાના ૨૨ ગામોમાં ૫૫૦ લાખના ખર્ચે ગ્રામ પંચાયતના અદ્યતન ભવનો બનશે

# ગોંડલ તાલુકાના મોટા દડવા ગામે આગામી દિવસોમાં ગામડાઓમાં ગ્રામ પંચાયત ઘરની સુવિધા ઉપલબ્ધ થશેઃ મંત્રી કુંવરજીભાઈ

### જસદણ અને વિંછીયા તાલુકાના ૨૨ ગામોમાં ૫૫૦ લાખના અને ગોંડલ તાલુકાના મોટા દડવા ગામે નવી ગ્રામ પંચાયતના અદ્યતન ભવનો બનતા ગામડાઓમાં પંચાયતની સુવિધાઓ ઉપલબ્ધ થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આ અંગેની વિગતો જણાવતા ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું કે, જસદણ તાલુકાના (૧) પોલારપર (૨) જુના પીપળીયા (૩) ચીતલીયા (૪) ઝુંડાળા (૫) જીવાપર (૬) બરવાળા (૭) કુંદણી (૮) વેરાવળ.ભા (૯) કાનપર (૧૦) રાણપરડા (૧૧) ગઢડીયા.જામ (૧૨) રાજાવડલા.જસ (૧૩) નાની લાખાવડ (૧૪) બળધોઈ (૧૫) ભાડલા (૧૬) લીલાપુર (૧૭) વડોદ અને વિંછીયા તાલુકાના (૧) છાસીયા (૨) પાટીયાળી (૩) ભડલી (૪) દેવઘરી અને જસદણ વિધાનસભામાં આવતા ગોંડલ તાલુકાના મોટા દડવા નવા પંચાયત ઘર બનાવવામાં આવશે.

રાજયના પંચાયત વિભાગની સી.ડી.પી-૫ યોજના હેઠળ ગ્રામ પંચાયત ઘર કમ તલાટી મંત્રી આવાસ યોજના અંર્તગત નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવાના કામોને વહીવટી મંજુરી રાજય સરકાર તરફથી આપવામાં આવી છે જે કામો થવાથી અરજદારોને બેસવા, સરકારી રેકર્ડ રાખવા સહિતની સુવિધાઓ ગામને મળશે.

કામોના અંદાજપત્રક બનાવવા સહીતની કાર્યવાહી માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે જે કામો વહેલી તકે શરૂ કરવા માટે સબંધીત અધિકારીને સૂચનાઓ કરવામાં આવી હોવાનું ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું છે.

## સીટી સમાચાર

### ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રાજકોટ અને જસદણ તાલુકાના રૂ. ૮.૫૦ લાખથી વધુના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ

સરકારના ઓગ્મેન્ટેશન ઈન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટે રાજકોટ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ કાર્યરત છે. જેની બેઠક ગત તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ કલેક્ટરશ્રી ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રાજકોટ જિલ્લાના કુલ રૂ.૬૧,૫૬,૫૭૭ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જેમાં ઉપલેટા તાલુકાના વડેખણ ગામમાં રૂ. ૬૭,૮૨૦ના ખર્ચે હયાત સંપ પર પંપીંગ મશીનરી સાથે એસેસરીઝ અને ખીરસરા ગામમાં રૂ. ૭,૯૮,૬૭૩ના ખર્ચે મેઈન પાઈપલાઈન અને વિતરણ પાઈપલાઈન મળી ઉપલેટા તાલુકામાં કુલ રૂ.૮,૬૬,૪૯૩ના ખર્ચે આગામી દિવસોમાં કામગીરી થશે, તેમ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની યાદીમાં જણાવાયું છે.

### અજાણ્યા મૃતકની જાણકારી આપવા અંગે

રાજકોટ શહેરમાં હોસ્પિટલ ચોકથી આગળ પ્લેટીનમ હોટલ સામે બ્રિજ નીચે એક અજાણી મહિલા (ઉ.વ. આશરે ૫૫) બેભાન હાલતમાં હતી. જેને ૧૦૮ એમ્બ્યુલન્સ હેલ્પલાઇનના ઇ.એમ.ટી. પ્રકાશભાઇ વાળાએ તપાસીને ગત તા. ૨૮ જુલાઈના રોજ મૃત જાહેર કરી હતી. મૃતકે સફેદ ફુલવાળું જાંબલી રંગનું ગાઉન પહેર્યું છે. તેના એક હાથ પર 'રંજનબેન' અને બીજા હાથમાં અંગ્રેજીમાં '' તથા દિલનું નિશાન ત્રોફાવેલું છે. જો કોઈને મૃતકના વાલી-વારસ વિશે જાણકારી હોય તો ફોન નં. ૦૨૮૧-૨૨૨૬૬૫૯ પર સંપર્ક કરવા રાજકોટ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

### ગુમશુદાનો પત્તો આપવા અંગે

રાજકોટની રિધ્ધિ સિધ્ધિ સોસાયટી, રિધ્ધિ સિધ્ધિ નાલા પાસે કોઠારીયા વિસ્તારના રહેવાસી તથા મૂળ ઉત્તરપ્રદેશના વતની અને મજુરી કામ કરતા આશીફ જલાલુદીન અબ્બાસના પુત્ર તા.૧૦/૦૭/૨૦૨૫ના રોજ બપોરે ૧૨ વાગ્યાની આસપાસ તેમના ઘરેથી ગુમ થયેલ છે. ગુમશુદાની ભાળ મળે તો આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટરને સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### રાજકોટમાં યોગ ટ્રેનર્સની પ્રેક્ટિકલ પરીક્ષા યોજાઈ

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત કાર્યરત ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગ સેવક શિશપાલજીના દિશાનિર્દેશ અનુસાર રાજકોટ શહેરમાં તિરુપતિ પાર્ક અને ગોપાલનગર ખાતે યોગ ટ્રેનર્સની પ્રેક્ટિકલ પરીક્ષા અને માર્ગદર્શન સત્ર યોજાયું હતું. જેમાં યોગ ટ્રેનર્સનો ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો તથા વિવિધ યોગાસનોનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, યોગ કો-ઓર્ડીનેટર અને યોગ કોચ દ્વારા યોગ ટ્રેનર્સને યોગ વર્ગ શરૂ કરવા અને તેના સંચાલન માટે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે ૬૦ જેટલા યોગ ટ્રેનર્સએ ભાગ લીધો હતો. આમ, રાજ્ય યોગ બોર્ડ યોગ વર્ગો થકી લોકોને યોગ તરફ વાળવા પ્રયાસશીલ છે.

# આંગણવાડી કેન્દ્ર ખાતે ''પોષણ સંગમ'' અંતર્ગત અતિ કુપોષિત બાળકોનુ સ્કીનીંગ પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા આઇ.સી.ડી.એસ. ઘટક-૨વેસ્ટ ઝોનમાં સરકારના મિશન ''પોષણ સંગમ'' અંતર્ગત અતિ કુપોષિત બાળકોનુ સ્કીનીંગ અને શેર વિથ સ્માઇલ એન.જી.ઓ દ્વારા તારીખ૨૯-૦૭-૨૦૨૫ના રોજ પોષણ કીટ વિતરણ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રોગ્રામ ઓફીસર શારદાબેન દેસાઇ,સી.ડી.પી.ઓ અનસુયાબેન ભટાશણા,શેર વિથ સ્માઇલ એન.જી.ઓના કપિલભાઇ પંડ્યા,દાતા જયશ્રીબેન દવે,આંબેડકર આરોગ્ય કેન્દ્ર અને મવડી આરોગ્ય કેન્દ્રમાંથી આર.બી.એસ.કે. ડૉક્ટર, આઇ.સી.ડી.એસ સ્ટાફ, આંગણવાડી વર્કર અને બાળકોના વાલીઓ હાજર રહેલ.

આ કેમ્પમાં બાળકોનુ સ્કીનીંગ

# નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાનીએ વોર્ડ નં.૬માં સફાઈ અંગે વિઝિટ કરી

### કોલ સેન્ટરમાં આવતી ફરિયાદોનો રીવ્યુ કર્યોઃ સફાઈ કામદારોની હાજરીની સમીક્ષા કરી ટીપરવાનની અનિયમિતતા બદલ એજન્સીના સ્ટાફને ટર્મિનેટ કરી એજન્સીને રૂ.૧૪,૦૦૦ની પેનલ્ટી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશનર મનીષ ગુરવાનીએ આજે તા.૩૦-૦૭-૨૦૨૫ના રોજ વોર્ડ નં.૬માં સફાઈ કામગીરીનું મોનીટરીંગ કર્યું હતું જેમાં, વોર્ડ નં.૬માં આવેલના નાગરિકો દ્વારાકોલ સેન્ટરમાં આવતી ફરિયાદોનો રીવ્યુ કર્યો હતો. વોર્ડ નં.૬માં સફાઈ કામદારોની હાજરીની સમીક્ષા કરી તેમજ આ જ વોર્ડમાં ટીપરવાનની અનિયમિતતા બદલ એજન્સીના સ્ટાફને ટર્મિનેટ કરી એજન્સીને રૂ.૧૪,૦૦૦ની પેનલ્ટી કરી હતી.



નાયબ મ્યુનિસિપલ કમિશનરએવોર્ડ નં.૬ની વિઝીટ દરમ્યાન રહેવાસીઓ સાથે સંવાદ કર્યો હતો તેમજ નાગરિકો દ્વારા કોલ સેન્ટરમાં કરવામાં આવતી ફરિયાદોનો રીવ્યુ કર્યો હતો. આ જ વોર્ડમાં સફાઈ કામગીરી કરતા સફાઈ કામદારોની હાજરીની ચકાસણી કરી હતી તેમજ આજ વોર્ડમાં શિવમ પાર્ક સોસાયટી વિસ્તારમાં ટીપરવાનની અનિયમિતતા બાબતે ફરિયાદ મળતાં ફરિયાદ અંગેના તથ્યો તપાસી એજન્સીના સ્ટાફને ટર્મિનેટ કરવામાં આવેલ તથા એજન્સીને રૂ.૧૪,૦૦૦ની પેનલ્ટી કરવામાં આવેલ.

નાયબ કમિશનરની આ ફેરણી દરમિયાન તેમની સાથે સિટી એન્જી., નાયબ પર્યાવરણ ઈજનેર, વોર્ડ ઓફિસર સહિતના અન્ય સંબંધિત અધિકારીઓ હાજર રહ્યા હતાં.

# IPOમાં રોકાણના નામે રૂ.૩૭.૨૧ લાખની દંપતી સહિત ત્રણ શખ્સોની છેતરપિંડી

### વધુ નફો આપવાની લાલચે બે રોકાણકારોને ફસાવ્યાઃ યુનિવર્સિટી પોલીસ દ્વારા બે અલગ અલગ ગૂના નોંધાયા આરોપીઓની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અયોધ્યા ચોકમાં ટાઈમ સ્કવેર બિલ્ડીંગમાં ઓફિસ ખોલી આઈપીઓમાં રોકાણ કરાવી માર્કેટીંગનું કામ કરતા પ્રૌઢ અને વૃધ્ધને રોકાણમાં વધુ નફો આપવાની લાલચ આપી કુલ રૂપિયા ૩૭.૨૧ લાખનું છેતરપિંડી કરનાર દંપતી સહિત ત્રણ સામે અલગ અલગ બે ગુના નોંધી યુનિવર્સિટી પોલીસે આરોપીઓની શોધખોળ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ૧૫૦ ફૂટ રોડ પર બીગ બઝાર પાસે કરણ પાર્કમાં રહેતા અને માર્કેટીંગનું કામ કરતા ચંદ્રશ ધીરજલાલ પંડયાએ મુળ અમરેલીના અને હાલ જામનગર રોડ પર વિનાયક વાટીકામાં રહેતો નિકુંજ વિનોદરાય ત્રિવેદી અને તેની પત્ની મીતલ સામે ફરીયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના મિત્ર પ્રીતભાઈ મારફતે નિકુંજ ત્રિવેદી સાથે પરિચય થયો હતો અને તેની પાસે મારવાડી ફાયનાન્સીયલ કંપનીના ફ્રેન્ચાઈઝી અને તેની પત્ની મીતલબેન પાસે ઓથોરાઈઝડ હોવાનું જણાવી કટકે કટકે રૂ.૨૫.૧૦ લાખની રોકાણ કરાવી પરત નહીં આપી છેતરપિંડી આચર્યાનું જણાવ્યું હતું. જ્યારે બીજી ફરિયાદમાં જલારામ હોસ્પિટલ પાસે પંચવટી પાર્કમાં રહેતા અને નિવૃત જીવન જીવતા બલવીરસિંહ વશરામભાઈ ખેરએ નિકુંજ ત્રિવેદી તેની પત્ની મીતલબેન અને પ્રીત પ્રવીણભાઈ ઠાકર સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના મિત્ર ચંદ્રેશભાઈ પંડયા મારફતે નિકુંજ સાથે પરિચય થયો હોય અને નિકુંજભાઈએ તેને આઈપીઓમાં રોકાણ કરવાના બ્હાને વધુ નફાની લાલચ આપી રૂપિયા ૧૨.૧૧ લાખની છેતરપિંડી કર્યાનું જણાવતા પીઆઈ પટેલ સહીતના સ્ટાફે ગુનો નોંધી છેતરપિંડી આચરી નાસી જનાર આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# મંત્રી ભાનુબેન બાબરીયા ગુમ થયાઃ ત્રંબામાં લાગ્યા પોસ્ટર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ત્રંબાના ત્રિવેણીના ઘાટે આવેલો પુલ જર્જરિત છે. આ પુલ ૩૦ વર્ષ પહેલા રાજકોટ લોધીકા સંઘના ભંડોળમાંથી બનાવવામાં આવ્યો હતો. ખેડૂતોનાં પૈસાનો કરોડોના ખર્ચે નર્મદા સંપ બનાવવામાં આવેલ છે તૈયા જવા માટે પણ આ પુલ પરથી પસાર થઇ ને જવાનું હોય છે. સરકાર દ્વારા ૪ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવીને ત્રિવેણી સંગમ નદીને પવિત્ર યાત્રાધામ નો દરજજો આપવામાં આવ્યો હતો.

જે પુલ જર્જરીત છે તે દેખાયો જે




નહી જેના ઉપરથી ત્રણ ગામના લોકો અવર જવર કરે છે જયારે નદીમાં પુર આવ્યું હોય ત્યારે વાડી વિસ્તારના લોકોને વાડીએ જવામાં પણ મુશ્કેલી પડે છે. દર વર્ષે ત્રિવેણી નદી કિનારે ગામ લોકો દ્વારા મેળાનું આયોજન કરવામાં આવે છે ત્યારે પણ લાખો આ પુલથી પસાર થતાં હોય છે ગામ લોકોની સરકારને વહેલી તકે પુલ બન્ને તેવી માંગ ઉઠી છે.

# જાહેરમાં બીભત્સ ચેનચાળા કરતા પ્રેમીયુગલ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયારોડ પર પરશુરામ ચોકડી પાસે લાઈટ હાઉસ નજીક અટલ સરોવર તરફ જવાના રોડ પર રાત્રિના જાહેરમાં એક યુગલ બીભત્સ ચેનચાળા કરતું હોય જેથી અહીંથી વોકિંગમાં જઈ રહેલા ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા. જે અંગેની જાણ પોલીસને કર્યા બાદ પોલીસે રાજકોટમાં હરિધવા રોડ પર રહેતા આ શખસ અને હાલ રાજકોટમાં રહેતી મૂળ જૂનાગઢ પંથકની વતની યુવતી વિરુદ્ધ જાહેરમાં અશોભનીય વર્તન કરવા અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, શહેરના રૈયા રોડ પરશુરામ ચોકડીથી લાઈટ હાઉસ પાછળ અટલ સરોવર જવાના રસ્તે જાહેર રોડ પર રાત્રિના અહીં રહેતા લોકો વોકિંગ કરવા માટે નીકળતા હોય છે. દરમિયાન અહીં એક પ્રેમીયુગલ પ્રણય ફાગમાં મગ્ન બની ભાન ભૂલી જાહેરમાં બીબસ્ત ચેનચાળા કરતા હોય જેથી અહીં વોકિંગમાં નીકળનાર લોકો ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા. તેમ છતાં આ યુગલ અટક્યું ન હતું. દરમિયાન આ બાબતે પોલીસને જાણ કરવામાં આવતા યુનિવર્સિટી પોલીસને સ્ટાફ અહીં પહોંચ્યો હતો.

પોલીસે બંનેની પૂછ્તાછ કરતા યુવક રાજકોટના હરિધવા રોડ પર રહેતો રાજ હોવાનું અને યુવતી હાલ રાજકોટમાં રહેતી હોય અને મૂળ જુનાગઢ પંથકના એક ગામની વતની માલુમ પડ્યું હતું. બંને સામે જાહેરમાં બિભત્સ ચેનચાળા કરી અશોભનીય વર્તન કરવા અંગે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજકોટમાં શિક્ષકના બંધ ફ્લેટમાં ધોળા દિવસે રૂ.૧૦.૮૫ લાખની ચોરી

### દંપતી નોકરી પર અને સંતાનો સ્કુલે જતા રેઢા મકાનમાંથી રોકડ-દાગીના ઉઠાવી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં તસ્કરોએ ધોળા દિવસે ફ્લેટના તાળા તોડી ૨ળ.૧૦.૮૫ લાખની ચોરી કરી ગયાની ફરીયાદ નોધાઈ છે યુનીવર્સિટી રોડ પર રહેતા શિક્ષક અને તેની પત્ની નોકરી પર ગયા હતા અને સંતાનો સ્કુલે ગયા હતા અને રેઢા મકાનમાંથી રોકડ અને સોનાના દાગીના ઉઠાવી ગયાનુ બહાર આવતા પોલીસે તસ્કરોને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ યુનીવર્સિટી રોડ પર અપુર્વા એપાર્ટમેન્ટમાં રહેતા અને એસએનકે સ્કુલમાં શિક્ષક તરીકે નોકરી કરતા લેઝલી ડોનાલ્ડ કિશોર ચાંદેકર ફરીયાદ કરી હતી. જેમા તેને જણવ્યુ હતુ કે મારા પત્ની પણ મારી સાથે નોકરી કરતા હોય જેથી અમે બન્ને નોકરી કરવા માટે સવારે નિકળ્યા હતા અને પુત્ર અને પુત્રી ફલેટને તાળા મારી મારી સ્કુલે ગયા હતા અને ચાવી પુત્ર પાસે હતી. દરમ્યાન બપોરે તેની પત્ની સાથે ઘેર આવતા ફલેટનો દરવાજો ખુલ્લો હોય જેથી તેને અંદર જઈને તેના પુત્રને બુમ પાડી હતી પરંતુ તે હાજર ન હોય અને રૂમમાં સામાન વેર વિખેર પડ્યો હોય અને દરવાજાના લોક તુટેલા અને તાળુ હોલમાં પડેલ હોય જેથી તેને કબાટમાં તપાસ કરતા તેમા રાખેલા પાંચ હજારની રોકડ અને સોનાના દાગીના ગાયબ હોય તેને પોલીસમાં ચોરી થયાની જાણ કરી હતી.

બનાવને પગલે યુનીવર્સિટી પોલીસ મથકના પીઆઈ પટેલ સહીતના સ્ટાફે તપાસ કરતા ફલેટમાંથી સવાર થી બપોર દરમ્યાન તસ્કરો રોકડ અને દાગીના મળી કુલ રૂ.૧૦.૮૫ લાખની ચોરી થયાનુ બહાર આવતા પોલીસે ગુનો નોધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

## ગોંડલના નિવૃત પ્રિન્સિપાલ લીલાબેન ઉપાધ્યાય પાણેરીનો આજે ૯૦મો જન્મદિવસ



મોંઘીબા ગર્લ્સ હાઇસ્કુલ - ગોંડલ ના નિવૃત્ત પ્રિન્સિપાલ લીલાબેન ઉપાધ્યાય પાણેરી નો નેવું (૯૦) મો જન્મદિવસ છે , તેઓએ બી.એ સુધીનો અભ્યાસ કર્યો છે. ગોંડલ ના પ્રજાવત્સલ મહારાજા સર ભગવતસિંહજી એ પોતાના માતા ના નામે ૧૪/૦૯/૧૮૫૭ મા મોંઘીબા ગર્લ્સ હાઇસ્કુલ ની સ્થાપના કરી કન્યા કેળવણી પર સવિશેષ ધ્યાન આપ્યું તેમજ દીકરીઓ માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવા વાળું ગુજરાત નું સૌપ્રથમ રજવાડું ગોંડલ સ્ટેટ હતું. સર ભગવતસિંહજી ના આ ઉત્તમ વિચાર ને અનુસરી ને લીલાબેન ઉપાધ્યાય પાણેરી એ શિક્ષણ ક્ષેત્રે મોંઘીબા ગર્લ્સ હાઇસ્કુલ મા પહેલા શિક્ષક અને ત્યારબાદ પ્રિન્સિપાલ તરીકે ચાલીસ વર્ષ પોતાનું યોગદાન આપ્યું છે. ત્યારે તેમના પૌત્ર તુષિત પાણેરી દ્વારા મહાદેવ મંદિરે સંધ્યા આરતી મા મહાપ્રસાદ વિતરણ કરીને સેવા ના ભાવ સાથે તેમના જન્મદિવસ ની ઉજવણી કરાશે.

# ગોંડલ પંથકની સગીરાનો દેહ અભડાવનાર આરોપીને કોર્ટે ફટકારી ૨૦ વર્ષની જેલની સજા



### ૨૦૨૩માં બનેલા બનાવમાં સેશન્સ અદાલતનો ન્યાયીક ચુકાદો



ડીવાય એસપી કે.જી.ઝાલા | પીઆઇ જે.એમ.ઝાલા | સરકારી વકીલ ડોબરીયા

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ પંથકમાં સગીરા ઉપર દુષ્કર્મ કરનાર શખ્સ ને સેશન્સ કોર્ટ દ્વાર ૨૦ વર્ષ ની કેદની સજા ફટકારતો હુકમ કરાયો છે.

આ કેસની ટુંક વિગત મુજબ સગીરા નાં પિતાએ તાલુકા પોલીસ માં ગત તા. ૩૦/૧૨/૨૩ નાં ફરિયાદ કરી જણાવેલ કે ભોગબનનાર બનાવના દિવસે ઘરે એકલી હોય, અને ફરીયાદી તથા તેની પત્નિ બહાર ગામ ગયેલ હતા ત્યારે ભોગબનનાર દિકરી ઘરે એવા મળેલ નહીં અને આજુ બાજુમાં તપાસ કરેલ પરંતુ ભોગબનનાર દિકરી મળી આવેલ નહીં ત્યારબાદ રાત્રીના અજાણ્યા ભોગબનનારના વિત્યા વિક અવાય ચ આવતા કરેલ બોલુ છું તેવી ઓળખાણ આપેલ અને જણાવેલ કે તમારી દિકરી અમદાવાદ આવતી રહેલ છે. તેવી વાત થતા સગીરા સાથે પિતાએ વાત કરેલ હતી.

બાદ માં ભોગબનનારને તેના પિતા ઘરે લઈ આવેલ અને અમદાવાદ જવા બાબદતે તેની સાથે વાતચીત કરતા ભોગબનનારે જણાવેલ કે આરોપી દર્શીલ સંજયભાઈ દુધાત્રાએ પ્રેમ જાળમાં ફસાવી તેમના ઘરે બોલાવી સગીરા સાથે દર્શીલે શરીર સબંધ બાંધેલ હતો. તેમજ સગીરાને ને આરોપીએ એનકેન પ્રકારે ધમકી આપી અનેકવાર ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધેલ આવી વાત ભોગબનનારે તેના પિતાને કરી હતી.

જેથી ભોગબનનારના પિતાએ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશમાં આરોપી દર્શીલ સંજયભાઈ દુધાત્રા સામે પોલીસ ફરિયાદ કરી હતી. પોલીસે આઈ.પી.સી.કલમ-૩૭૬ તથા પોકસો એક્ટનો ગુન્હો દાખલ કરી આ ગુન્હાની તપાસ જે.એમ.ઝાલાએ કરેલ અને અને આરોપી દશીલ સંજયભાઈ દુધાત્રાની ધરપકડ કરેલ અને નામદાર કોર્ટમાં પોલીસ તપાસના અંતે ચાર્જશીટ કરાયુ હતુ. સરકારી વકીલ ઘનશ્યામ કે. ડોબરીયા દ્વારા દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ થયેલ અને કોર્ટમાં ભોગબનનાર સગીરાની જુબાની તથા દસ્તાવેજી પુરાવા તથા તેના માતા-પિતાની જુબાની ધ્યાને લઈ તથા સરકારી વકીલ ઘનશ્યામ ડોબરીયાની દલીલો ધ્યાને રાખી આરોપી દર્શીલ સંજયભાઈ દુધાત્રાને સેશન્સ જજ એમ.એ.ભટ્ટી સાહેબે ૨૦ વર્ષની કેદની સજા ફરમાવેલ છે.

# યુવતી ને લગ્ન કરવા માટે દબાણ અને બ્લેકમેઈલ કરતા યુવકને કાયદાકીય પાઠ ભણાવતી અભયમ ટીમ રાજકોટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજ રોજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન પર એક યુવતીએ ફોન કરેલ અને યુવતી એ જણાવેલ તે જે યુવક સાથે પ્રેમ સબંધ મા હતા તે યુવક એ તેમનો મોબાઇલ ફોન લઈ લીધેલ છે.અને મારી સાથે લગ્ન કરવાની જીદ કરે છે.જેથી મારે ૧૮૧ મહિલા હેલ્પલાઇનની મદદની જરૂર છે. જેના પગલે ૧૮૧ મહિલા હેલ્પલાઇનના કાઉન્સેલર સુમિતા બેન પરમાર,કોન્સ્ટેબલ શિલ્પાબેન ,તથા પાયલોટ દર્શિત ભાઈ તાત્કાલિક યુવતી ની મદદ માટે રવાના થયેલ જેમાં ૧૮૧ ટીમ એ સ્થળ પર પહોંચી યુવતી નું કાઉન્સિલિંગ કરી ને યુવતીની સમસ્યા જાણેલ જેમાં યુવતી એ જણાવેલ તે એક યુવક ના સંપર્ક મા અંદાજિત છ વર્ષ પહેલાં આવેલ જેમાં બંને ને એક બીજા સાથે પ્રેમ થયેલ જેમાં યુવતી અને યુવક બંને એક બીજા સાથે લગ્ન કરવાનું કહેતા હોય જેમાં યુવતી એ જણાવેલ અંદાજિત છેલ્લા બે વર્ષ થયા યુવક ના વર્તન મા ફેરફાર થયેલ યુવક યુવતી પર અવાર નવાર શંકા કરતો હોય જેથી યુવતી એ યુવક સાથે લગ્ન કરવાની ના કહેલ છતાં પણ યુવક યુવતી ને લગ્ન કરવાનું કહેતા હોય જેમાં યુવતી એ યુવક સાથે લગ્ન કરવાની ના પાડેલ યુવક લગ્ન કરવાની જીદ ન કરે તે બાબતે અભયમ ટીમની મદદ માંગેલ જેમાં ૧૮૧ ટીમ એ સ્થળ પર પહોંચી યુવક તથા માતા પિતા નું કાઉન્સિલગ કરેલ તેમજ યુવક ના માતા પિતા એ કહેલ કે તે યુવક ના લગ્ન યુવતી સાથે કરાવવા ઈચ્છતા નથી યુવક માતા પિતા ની મરજી વિરુદ્ધ જઈ ને યુવતી સાથે લગ્ન કરવા નું કહે છે યુવક સમજતા નથી જેમાં ૧૮૧ ટીમ એ યુવક નું કાઉન્સિલગ કરી અને કડક શબ્દોમાં કાયદાકીય સમજણ આપેલ.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# થોરાળા પોલીસ મથક સામે મોડી રાત્રીના નંબર વગરની કાળા કાચવાળી કારમાં ભેદી પ્રવૃતિ...?

## પત્રકારે વીડિયો શુટીંગ શરૂ કરતા કાર પૂરપાટ ઝડપે હંકારી ચાલક ફરારઃ પત્રકારે પીછો કરતા આજીડેમ ચોકડી પાસે ભારતનગરમાં કાર ગુમ થઇ ગઇ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામાકાંઠે વર્ષોથી રેડ લાઇટ એરીયા તરીકે જગવિખ્યાત બનેલા ભાવનગર રોડ પર ભૂતકાળમાં અનેકવાર ગંભીર બનાવો બનવા પામ્યા છે. ત્યારે ગત મોડી રાત્રીના થોરાળા પોલીસ સ્ટેશનની સામે જ કાળા કલરના કાચ વાળી અને નંબર વગરની કારમાં ભેદી પ્રવૃતિ થઇ રહી હોવાની શંકાએ પત્રકારે વીડિયો શુટીંગ શરૂ કરતા કાર ચાલક પલાયન થઇ ગયો હતો.

થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અનેક સ્થળોએ બેરોકટોક દારૂ-જુગારના હાટડાઓ ધમધમી રહ્યા હોય અને ભૂતકાળમાં અનેકવાર સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી મહત્વની બ્રાંચની ટીમો દ્વારા આવા ગેરકાયદેસર ચાલતા હાટડા પર દરોડા પાડી કામગીરી કરવામાં આવી હોય તેવું ભૂતકાળમાં અનેકવાર જોવા મળ્યું છે. બે દિવસ પહેલા જ થોરાળા પોલીસે માત્ર ૯ દારૂના ચપલા પકડી કેસ કર્યો હતો પરંતુ કુબલીયાપરામાં ક્રાઇમ બ્રાંચની ટીમે અનેક ઠેકાણે દરોડા પાડયા હતા. જેમાં કેટલીક જગ્યાએ દેશી દારૂ મળી આવતા તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

અનેકવાર વિવાદમાં આવેલ થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બેરોકટોક ગેરકાયદે પ્રવૃતિઓ ચાલી રહી હોય તેવો વધુ એકવાર ઘાટ જોવા મળ્યો હતો. ગત મોડી રાત્રીના ભાવનગર રોડ પર થોરાળા પોલીસ સ્ટેશન સામેથી પત્રકારો બાઇક પર પસાર થઇ રહ્યા હતા. ત્યારે પોલીસ સ્ટેશનની સામે જ કેટલાક લોકો શંકાસ્પદ ઉભા હોય અને ત્યાં પાર્ક કરેલી બે ફોરવ્હીલ કાર કે જેમાં નંબર પ્લેટ પણ ન હતી અને બન્ને કારના કાચ કાળા હતા. તેમાં ભેદી પ્રવૃતિ થઇ રહી હોય તેવી શંકા જતા પત્રકારે મોબાઇલમાં વીડિયો શુટીંગ શરૂ કર્યુ હતું. ત્યારે કારમાં બેઠેલા અજાણ્યા શખ્સો પુરપાટ ઝડપે કાર હંકારી નાસી ગયા હતા અને પોલીસ સ્ટેશનની સામે ઉભેલા કેટલાક શંકાસ્પદ લોકો પણ પોતાના વાહનો લઇ પલાયન થઇ ગયા હતા. પત્રકાર દ્વારા કારનો પીછો કરાતા કાર ચાલક આજીડેમ ચોકડીથી બાયપાસ રોડ પર ભારતનગર વિસ્તારમાં ગુમ થઇ ગયો હતો.

આ ઘટના બાદ પોલીસની રાત્રી પેટ્રોલિંગ કે અન્ય કામગીરી અંગે શંકાઓ સેવાઇ રહી છે. જયારે પોલીસ સ્ટેશનની સામે જ ભેદી પ્રવૃતિ ચાલી રહી હોય તે અધિકારીઓની જાણ બહાર ચાલી રહી છે કે પછી જાણવા છતાં અજાણ થઇ રહ્યા હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે.

# સ્પાના માલિકે મહિલા કર્મચારી પર આચર્યુ દુષ્કર્મ

## અન્ય સ્પામાં નોકરી કરવા જતા મહિલાને શખ્સે આપી પતિ અને પુત્રને મારી નાખવાની ધમકી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અનેક સ્થળોએ આવેલા બોડી મસાજ પાર્લરમાં ગોરખ ધંધા થતા હોવાનું ભુતકાળમાં અનેકવાર પ્રકાશમાં આવ્યું છે. ત્યારે રાજકોટના યુનિવર્સિટી રોડ પર પંચાયત ચોક પાસે આવેલ સ્પામાં નોકરી કરતી મહિલા કર્મચારી પર માલિકે દુષ્કર્મ આચરી પતિ અને પુત્રને મારી નાખવાની ધમકી આપી હોવાની ફરીયાદ યુનિ. પોલીસમાં નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની પોલીસ સુત્રમાંથી મળતી મહિતી મુજબ શહેરમાં રહેતી ૪૦ વર્ષીય મહિલા યુનિવર્સિટી રોડ પર આવેલ પંચાયત ચોક પાસે શાંતિનિકેતન પાર્ક શેરી નં.૧ સામે આવેલા શ્રીજી કૃપા બિલ્ડીંગમાં રોયલ વેલ્નેશ સ્પામાં બોડી મસાજનું કામ કરતી હોય. ગત એપ્રિલ મહિનામાં સવારના ૧૧ વાગ્યે સ્પામાં કામ કરી રહી હતી તે દરમ્યાન સ્પાનો માલિક ભરત રૂમમાં અંદર આવી મહિલા કર્મચારીને કહેલ કે મારે બોડી મસાજ નથી કરવું મારે તારી સાથે શરીર સંબંધ બાંધવો છે. તેમ કહેતા મહિલાએ આવું કામ નથી કરતી તેમ કહી ઇન્કાર કરતા આ શખ્સે મહિલા કર્મચારીને પકડી ટેબલ પર સુવડાવી તેની મરજી વિરૂધ્ધ તેની સાથે શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યુ હતું અને આ શખ્સે જતા જતા ધમકી આપેલ કે આ વાતની જાણ કોઇને કરીશ તો તને અને તારા દિકરાને રાજકોટમાં નહીં રહેવા દવ તેમ ધમકી આપી હતી. બીજા દિવસે ભરતે મહિલા કર્મચારીને બીગ બજાર પાસે તેની બીજી સ્પાએ લઇ ગયો હતો અને ત્યાં અફિણની ગોળીઓ ખવડાવી બળજબરી કરી હતી. મહિલાએ કંટાળી જઇ નોકરી મુકી દઇ અન્ય જગ્યાએ સ્પામાં નોકરી કરવા જતા આ શખ્સે ધમકી આપી હતી કે, તું રાજકોટ છોડી ને જતી રહેજે અને નહિં જા તો તારા પતિ અને દિકરાને પતાવી દઇશ તેમ ધમકી આપી હતી. બનાવ બાદ મહિલાએ યુર્નિવર્સિટી પોલીસમાં ફરીયાદ નોંધાવતા મહિલા પીએસઆઇ હિનાબેન મણવરએ તપાસ હાથ ધરી સ્પાના માલિકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વિરપુરમાં શ્રાવણીયો જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીઓની ધરપકડ






## જેતપુરમાં બાળ આરોપીએ ચોરી કરેલા ચાર બાઇક પોલીસે કબ્જે કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિરપુરમાં આવેલા ખોડલ હોટલ પાછળ જાહેરમાં જુગાર રમતા શખ્સો પર પોલીસે દરોડો પાડી શ્રાવણીયો જુગાર રમતા પાંચ શખ્સોને દબોચી લઇ રૂ.૧.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીએસઆઇ એસ.સી.ગોહિલની સુચનાથી એએસઆઇ શકિતસિંહ, વિજયસિંહ, હેડ કોન્સ. કૌશિકભાઇ તથા અરવિંદસિંહ સહિતનો સ્ટાફ વિરપુરમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે ખોડલ હોટલ પાછળ આવેલ પંકજભાઇ નટુભાઇ વધાસીયાની વાડી પાસે જાહેરમાં ચાલતા જુગાર પર દરોડો પાડી જુગાર રમતો લલીત ઉર્ફે લાલો, કેશુ વેકરીયા, રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજભા પ્રતાપસિંહ વાળા, શનિ હિતેષ આહિર, પરષોતમ મિલાજી મકવાણા, દિપેશ હરેશ પાદરીયા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૩૦૮૨૦, પાંચ મોબાઇલ ફોન, બે બાઇક સહિત કુલ રૂ.૧.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે અન્ય એક બનાવમાં જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના ઇન્ચાર્જ પીઆઇ ડો. એમ.એમ.ઠાકોરની સુચનાથી હેડ કોન્સ. રીઝવાનભાઇ તથા સાગરભાઇ તથા વાશુદેવસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળ આરોપીને ચોરાઉ બાઇક સાથે ઝડપી લઇ વધુ તપાસ કરતા આ ટેણીયાએ અલગ-અલગ સ્થળોએથી ચાર વાહનો ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસે રૂ.૧ લાખની કિંમતના ચાર બાઇક કબ્જે કર્યા હતા.

# પ્ર.નગર પોલીસ મથકે તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ યોજાયો









**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્ર. નગર પોલીસ મથકે ગઇકાલે તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ યોજાયો હતો અને લોન મેળાનું પણ આયોજન કરી જરૂરીયાત મંદ લોકોને લોન અપાવવાની કામગીરી કરી હતી.

સરકારના કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત લોકોના ગુમ થયેલા મોબાઇલ કે છેતરપીંડીનો ભોગ બનેલા લોકોને નાણા પરત અપાવવાની પોલીસની ઝુંબેશ ચાલી રહી હોય. પ્ર.નગર પોલીસ મથક ખાતે પીઆઇ વી.આર.વસાવાની રાહબરી હેઠળ પીએસઆઇ જે.એન.ગમારા સહિતના સ્ટાફે તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ અંતર્ગત કુલ રૂ.૨.૬૬ લાખના ૧૫ મોબાઇલ અરજદારોને પરત આપ્યા હતા.

## લોન મેળાનું આયોજન કરી અનેક જરૂરીયાત મંદ લોકોને લોન અપાવી

બીજી બાજુ વ્યાજના વિશ ચક્રમાં ફસાયેલા મધ્યમવર્ગના લોકોને મદદરૂપ થવા અને લોકોને બેંક દ્વારા લોન લેવા માટે ધક્કા ન ખાવા પડે અને સરળતાથી લોન મળી રહે તેવા હેતુથી પ્ર.નગર પોલીસ મથક ખાતે લોનમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસીપી રાધીકા ભારાઇની રાહબરી હેઠળ અલગ-અલગ બેંકના કર્મચારીઓ દ્વારા ૬૦થી વધુ લોકો લોન લેવા માટે આવ્યા હોય જેમાંથી ૧૫થી વધુ અરજદારોની લોન પાસ કરી જરૂરી રજીસ્ટ્રેશન કરાવી લોન અપાવવાની કામગીરી કરી હતી.

# વિજય બેંકમાં ગીરવે મુકેલા સોનાના ચેઈનની છેતરપિંડી કરનાર વેલ્યુઅર સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કનક રોડ પર એસટી બસ સ્ટોપ પાસે વિજય બેંકમાં દાગીના ગીરવે મુકી દોઢેક વર્ષ પુર્વે લોન લીધા બાદ વૃધ્ધ સાથે બેંકના વેલ્યુઅરએ ગીરવે મુકેલા સોનાના ચેઈન ખરીદવાના બહાને લઈ જઈ લોનના પૈસા ભરી દેવાનુ કહી સોનાનો ચેઈન લઈ અન્ય પૈસા નહી આપી તેની સાથે છેતરપીંડી કરી હોવાની ફરીયાદ કરતા એડવીઝન પોલીસે ગુનો નોધી ઓરોપી બેંકના વેલ્યુઅરની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ ઢેબર રોડ પર આમંત્રણ ફલેટમાં રહેતા પ્રતાપસિહ રામસિહ ચૌહાણ (ઉ.૬૦) એ ફરીયાદ કરી હતી. ફરિયાદમાં જણાવ્યુ હતુ કે દોઢેક વર્ષ પહેલા તેને પૈસાની જરૂર હોય અને મારા પુત્ર કેવલસિહ નુ કનક રોડ પર વિજય બેંકમાં ખાતુ હોય તેથી તેના ૨૮ ગ્રામ સોનાના ચેઈન ગીરવે મુકી તેના બદલામાં ૯૧૨૫૬ ની લોન મંજુર થઈ હતી. બાદમાં હપ્તા નહી ભરતા બેંકમાંથી વારંવાર ફોન આવતા હતા અને નોટીશ પણ આવતી હોય જેથી તેને બેંક મેનેજર પાસે જઈને વાત કરી હતી કે તેની પાસે પૈસા ભરવાની સગવડ ન હોય જેથી તેના સોનાનો ચેઈન વેંચી તમારી લોનના નાણા ભરપાઈ કરી દેજો અને અન્ય પૈસા મને પરત આપી દેજો.દરમ્યાન બેંકના વેલ્યુઅરે ગીરવે મુકેલા સોનાના ચેઈનના ૨ લાખ રૂપિયામાં ખરીદવાનું તેમજ જેમાં તેને લોન ભરપાઈ કરી અન્ય ૯૪ હજાર તેના ખાતામાં ટ્રાન્સફર કર્યાની વાત કરી હતી. બાદમાં તેને લોન ભરપાઈ કરી પ્રતાપસિંહના ખાતામાં ૨૬ લાખ ટ્રાન્સફર કર્યા હતા. બીજા દિવસે ફોન કરી કહ્યું કે મારી પાસે વધુ પૈસાની સગવડ નથી જેથી તમે મારા પૈસા પરત આપી ચેઈન લઈ જવાનું કહેતા તેને બેંક કર્મચારી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# કોઠારીયા સોલ્વન્ટ પાસેના બરકતીનગરના યુવકની હત્યામાં બે આરોપીઓને આજીવન કેદની સજા

## ૮ વર્ષ પુર્વે જુના ઝઘડાના પ્રશ્ને બે શખસોએ છરીના ઘા ઝીંકી દિધા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ પર કોઠારીયા સોલ્વન્ટ પાસેના બરકતીનગરમાં આઠ વર્ષ પુર્વે જુના ઝઘડાના પ્રશ્ને શ્રમીક યુવાનની છરીના ઘા ઝીંકી હત્યાના ગુનામાં કોર્ટે એ બે આરોપીઓને આજીવન કેદની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ અંગેની જાણવા મળતી વિગતો મુજબ મુળ ઉતર પ્રદેશના અને હાલ રાજકોટમાં બરકતી નગરમાં રહેતા અને રિક્ષા ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવતા મેસર અલી યાકુબ અલી પીંજારાની ગત તા.૧૭-૧૦-૨૦૧૮ના રોજ તેના ઘર પાસે હતો ત્યારે સાગર બગથરીયા અને કિશન વાંજા એ છરીના ઘા ઝીંકી હત્યા કરી હોવાની મૃતકના ભાઈ શમશાદ અલી યાકુબઅલી પીંજારાએ ફરીયાદ કરતા તાલુકા પોલીસે ગુનો નોંધી સાગર પ્રવિણ બગથરીયા અને કિશન મોહન રાજાની ધરપકડ કરી તપાસ કરી હતી.

પોલીસની તપાસમાં મૃતક યુવક ભાડાના મકાનમાં રહેતો અને રિક્ષા ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવતો હતો. અને અગાઉ સાગર, કિશન વાંજા અને વિપુલ સાથે માથાકુટ થઈ હતી. જેનો ખાર રાખી મોતને ઘાટ ઉતાર્યો હોવાનુ બહાર આવ્યુ હતુ. જે અંગે તપાસ પુર્ણ થતા બન્ને આરોપીઓને જેલ હવાલે કરવામાં આવ્યા હતા. બાદમાં કેસ ચાલી જતા સરકારી વકીલએ દલીલો કરી હતી. જેમા અરોપીઓએ જુની અદાવતનો ખાર રાખી છરીના આડેધડ ઘા ઝીંકી યુવકનુ મૃત્યુ નિપજાવેલ હોય આવા આરોપીઓ સમાજમાં ખુલ્લેઆમ ફરે તો માનવજીવન માટે જોખમ રૂપ હોય જેથી આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવવામાં આવે. કોર્ટએ બન્ને પક્ષે વકીલોની દલીલો સાંભળી આરોપીઓને આજીવન કેદની સજા અને બન્ને મળી કુલ રૂ.૫.૨૦ લાખનો દંડ ભરવા હુકમ કર્યો છે.

# નશામાં ચૂર રિક્ષાચાલકે ટ્રાફિક પોલીસ કર્મીઓ સાથે ઝઘડો કરી પીસીઆર ઈન્ચાર્જને મારમાર્યો

## કેકેવી ચોકમાં રીક્ષા સાઈડમાં રાખવાનું કહેતા ચાલકે પોલીસ સાથે ઝઘડો કર્યોઃ તાલુકા પોલીસે ફરજ રૂકાવટની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કેકેવી ચોકમાં ટ્રાફિક શાખાના હેડ કોન્સટેબલે એક રીક્ષા ચાલક રોડ પર રીક્ષા અડચણરૂપ રાખી ઉભો હોઈ જેથી સાઈડમાં જવાનું કહેતા બોલાચાલી કરી ત્યાંથી નીકળી ગયો હતો.બાદ સાંજે નશામાં ધૂત થઈ આવી ટ્રાફિક વોર્ડન અને હેડ કોન્સટેબલ સાથે ફરિ ઝઘડો કરી ગાળો ભાંડી હોય જેથી પીસીઆર બોલાવતા તેના ઈન્ચાર્જ મારકુટ કરતા તાલુકા પોલીસે ફરજ રૂકાવટનો ગુનો નોંધી રીક્ષા ચાલકની ધરપકડ કરીહતી

ટ્રાફિક શાખાના હેડ કોન્સટેબલ દેવેન્દ્રભાઈ રઘુભાઈ અધેરાએ તાલુકા પોલીસમાં વડવાજડી ગામે રહેતા સાગર કેશુભાઈ સીંગરખીયા ઉ.૩૦ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે કેકેવી ચોકમાં વોર્ડન ઉદય પાટીલ સાથે ફરજમાં હતો ત્યારે મોચીના શોરૂમ પાસે એક રીક્ષા ટ્રાફિકને અડચણરૂપ ઉભી હોય તેના ચાલકને રીક્ષા સાઈડમાં લેવાનું કહેતા તેણે મારી સાથે બોલાચાલી કરી ત્યાંથી જતો રહ્યો હતો.બાદ સાંજે સાતેક વાગ્યે નશામાં ધૂત થઈ વોર્ડન ઉદય સાથે બોલાચાલી કરતો હોય જેથી મે તેને સમજાવતા શખસ કહ્યું કે તું કેમ મને અહીં રીક્ષા ઉભી રાખવા દેતો નથી. કહી ગાળો આપી ઝઘડો કરતો હોય જેથી મે ૧૦૦ નંબરમાં ફોન કરી પીસીઆર બોલાવી હતી. બાદ પીસીઆર ઈન્ચાર્જ નિર્મલસિંહ સાથે પણ રિક્ષા ચાલકે મારકુટ કરી હોવાનું જણાવતા પોલીસે ફરજ રૂકાવટ, પ્રોહિબિશન સહિતની કલમો હેઠળ હેઠળ ગુનો નોંધી રિક્ષા ચાલકની ધરપકડ કરી હતી.

# રેલનગરમાં નવોઢાનો સ્યુસાઈડ નોટ લખી ફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના રેલનગરમાં શિવલય ચોક પાસે દ્વારીકા વિલેજમાં રહેતી દીપાલીબેન જેનીશભાઈ ઉનાગર (ઉ.વ.૨૭) નામની નવોઢાએ પોતાના ઘેર છતના હૂકમાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પ્રનગર પોલીસ મથકના એએસઆઈ કે.કે.ઝાલા સહિતના સ્ટાફે મૃતદેહને પોસ્ટમોટમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડી તપાસ કરતા કૃપાલીના લગ્ન છ માસ પહેલા જ થયા હતા અને તેને ગર્ભસયની બિમારી હોય કામ થતુ ન હોય જેથી બિમારીથી કંટાળી આ પગલુ ભરી લીધાનું તેમજ પોલીસને સ્યુસાઈટ નોટ મળી હતી જેમાં તેને તેની મરજીથી આ પગલુ ભર્યું હોવાનો ઉલ્લેખ કર્યો હોય, પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર,

ખુમાજ્ઞ કાનાભાઇ ભાણાભાઇ, ઉ.વ. આ.૬૦ ધર્મે : હિન્દુ, ધંધો : ખેતી, રહે. હલેન્ડા,

તા. જી. રાજકોટ

આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે,

મારા પરદાદી મણીબેન મેધાભાઇનું તા.30/3/૧૯૬૧ તથા મેધાભાઇ ઉકાભાઇનું તા. ૨૨/૧/૧૯૫૯ના રોજ રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના હલેન્ડા મુકામે મૃત્યુ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અવસાન નો મૃત્યુ અંગેની કોઇ નોંધ સરકારી રેકર્ડમાં આજદીન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા. ૧૫/૫/૨૦૨૫ના રોજ જન્મ-મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કમલ -૧૩ (3) મુજબ મૃત્યુ નોંધણી કરી આપવા અંગે પ્રાંત અધિકારી અને સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી રાજકોટ શહેર-૨ જુની કલેકટર કચેરી કંપાઉન્ડ રાજકોટ સમક્ષ દાદ મળવા અમો અરજદારે જાતે અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ મરણ નોંધ સબંધે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી 30 દિવસમાં લેખિત આધાર-પુરાવા સાથે સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી રાજકોટ શહેર-૨ જુની કલેકટર કચેરી કંપાઉન્ડ રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ

તારીખ : ૨૪-૫-૨૦૨૫